सत्यं वद

॥ ॐ श्री सच्चिदानंद माधवानंद सद्‌गुरुभ्यो नमः ॥

धर्मं चर

ॐ

# ॥ વેદ રહસ્ય ॥



## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય


શ્રી માધવાનંદ આશ્રમ
ગામ, તાપી કિનારે,




કઠોપનિષદ્

ગુરૂ કેવાં હોવા જોઈએ ?
રેખાબેન આર. મચાણી

કેસર છાંટીને લખીએ

ગુરૂગીતા માહાત્મ્ય

બાળ કેળવણી

શ્રદ્ધા

મન, વાણી અને...

રત્નકણિકાઓ

અહેવાલ

માતા મદાલસાનું હાલરડું

સત્સંગ સમાચાર

ત્રણ 'ક' નો મોહ મુકો

સત્સંગ સમાચાર

સત્સંગ સમાચાર


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ॐ

## श्री शङ्करदेशिकाष्टकस्तोत्रम्

करुणावरुणालय पालय मां भवसागरदुःखविदूनहृदम् ।
रचयाखिलदर्शनतत्त्वविदं भव शङ्करदेशिक मे शरणम् ॥२॥

*હે કરૂણારૂપ જળના સ્થાનભૂત ગુરો ! સંસારસમુદ્રનાં દુઃસહ દુઃખો વડે વિનષ્ટ થયેલા અંતઃકરણવાળા મને પાળો, અર્થાત્ આપ મારું પાલન - રક્ષણ કરો તથા સમસ્ત વેદશાસ્ત્રના તત્ત્વને જાણનારો મને બનાવો. સુખ કરવાવાળા હે શંકરાચાર્ય ગુરો ! તમો મારું શરણ (આશ્રય) થાઓ અર્થાત્ શરણાગત થયેલાનું મારું વિશ્રાંતિનું સ્થાન આપ થાઓ. ॥ ૨ ॥*


"પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય"

(Publisher)
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

(Editor)
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા



## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



(મહાત્મા બાપુસાહેબ)

સૂર્યમાં કોઈ દિ' અંધકાર હોતો નથી. સૂર્યમાં કોઈ દિ' ધુમાડો હોતો નથી. એમ અખંડ બ્રહ્મમાં કોઈ દિ' ખંડ હોતો નથી. આનંદ સ્વરૂપ બ્રહ્મમાં કોઈ દિ' દુઃખ હોતું નથી. મુક્ત બ્રહ્મમાં કોઈ દિ' બંધન હોતું નથી. પણ આ બધુ મને ઘડીને ઊભું કર્યુ છે. મને શું કર્યુ કે 'હું દુઃખી છું', 'હું બંધાયેલો છું' ને 'હું આ શરીર છું' એમ મનને ભ્રાંતીઓ બધી ઉભી થઈ. એનું કારણ કે પોતાને શરીર માનવા લાગ્યો. શું માનવા લાગ્યો ? બોલો ? શરીર. શરીર માન્યુને એટલે જડતા આવી એટલે જડતાથી બંધનની અનુભૂતિ થઈ. શરીર બન્યું એટલે દુઃખ રૂપતા આવી. ગઢપણ ને મૃત્યુ ને જન્મના બધા દુઃખો આવીને ઉભા એટલે ખાસ કરીને કાંટો એક ફેરવી નાખવાનો કે શું ? બોલો ? હું શરીર નથી ને શરીર મારું નથી હું કે હું દેહ નથી હું પ્રાણ નથી ઈન્દ્રિય નથી મન નથી હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું તો તમે હંમેશા આનંદ આનંદ ને આનંદ સ્વરૂપ છો. (હું) અખંડ બ્રહ્મ સ્વરૂપ છું એમ સમજ્યા પછી બધા કામો સિધ્ધ થઈ જાય. કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ-દ્વેષ વિકારો શત્રુઓ પણ જીતાય જાય કેમ કે કામના થવાનું કારણ કે મારે મેળવવાનું છે. એ કામના ઊભી થાય. ઈચ્છા ઊભી થાય અને કામથી તો પછી ડ કામના પૂરી ન થાય એટલે ક્રોધ થાય, લોભ થાય મોહ થાય ઈર્ષ્યા-અદેખાઈ અનેક દુર્ગુણો આવે અને જયારે -

જયારે હરિને ભરપૂર જોવાની ટેવ પડે કે -

(પ્રીતમ દાસજી)

સર્વમાં પરમાત્મા છે તો હું શેની કામના કરું સર્વમાં પરમાત્મા છે હું કોની સાથે ક્રોધ કરું ? બધું જ બ્રહ્મ સ્વરૂપ છે જગત ખોટું છે તો શેનો લોભ કરું. શેનો મોહ કરું ? એટલે કામ, ક્રોધ, લોભ, મોહ તમામ વિકારોમાંથી મુક્ત થઈ જવાય તો સર્વ કામ સિધ્ધ થઈ જાય.

તો અહીં પ્રાસંગિક વાતમાં પણ કહે છે કે પરમાત્માથી ઉપર કોઈ છે નહિ. એ પરમાત્માને જેણે જાણી લીધા એનું કામ પુરેપુરું સફળ થઈ જાય છે.

**''पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः।''**

તો પૂર્ણ પરમાત્મા છે છતાંય બધા જીવોને દેખાતા કેમ નથી ? એક માણસે કહ્યું કે મને ભગવાન દેખાડીદ્યો. તો મહાત્માએ કહ્યું કે, તું મને દુઃખ દેખાડી દે તો હું તને ભગવાન દેખાડી દવ. અથવા સુખ દેખાડી દે. તો બોલો, સુખ-દુઃખ દેખાય છે ? .... અનુભવમાં આવે છે. શેમાં આવે ? બોલો ? એમ પરમાત્માય શેમાં

આવે તમને ? બોલો ? અનુભવમાં. એટલે અનુભવથી સમજો તો સમજાશે. તમે બહાર દેખાડવા જશો તો નહિ દેખાય એટલે એને માટે હવે આગળ વાત કહે છે.

**आत्मा सूक्ष्म बुद्धिग्राह्य है**

**एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते ।**
**द्रश्यते त्वग्रयया बुद्धया सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥१२॥**
**॥ १-३-१२ ॥**

હવે, ધ્યાનથી યાદ રાખો વિરોધ પરિહાર સમજો કંઈ કહ્યું છે કે **'अवाङ्मनस'** મન અને વાણીથી એનો અનુભવ થતો નથી. એટલા માટે બુદ્ધિથી થાય છે. કંઈ કહે છે કે નથી થતો. જણાતા નથી પરમાત્મા છે. અને અહીં કહે છે કે જણાય છે. તો બે કહે ત્યારે સમજવું કે અશુદ્ધ (અંતઃકરણ / મન) થી નથી જણાતા ને શુદ્ધથી જણાય છે. જલ્દી નથી મળતા એમ કહે એનો મતલબ બધાને નથી મળતા એમ નહિ. અસાધક હોય અસાધન વાળાને જલ્દી મળતા નથી. સાધન હોય એને જ જલ્દી મળે છે જેમ કોઈ પાસે પ્લેન ન હોય એને દરિયો ઓળંગીને જવું હોય તો હનુમાન સિવાય બધા લોકો જઈ શકતા નથી. અને પ્લેન હોય તો લંગડો હોય તોય શું થઈ જાય ? બોલો ? દરિયો ઓળંગીને સામે કાંઠે... એમ સાધન જેની પાસે હોય. જેમ પ્લેન રૂપી સાધન આવ્યું તો દરિયો ઓળંગીને વય જવાણું. એમ જેની પાસે વિવેક, વૈરાગ્ય વગેરે સાધનો આવે છે એ તો સંસારને ઓળંગીને બ્રહ્મભાવમાં પહોંચી જાય છે. અને જેની પાસે સાધન નથી હોતું એ ગમે એટલી મહેનત કરે તોય જલ્દી જવાતુ નથી. એટલે નથી જવાતું એમ કહે તો સાધન વગર અને જવાય છે જલ્દી એમ કહે તો સાધનથી. એમ નથી દેખાતું એમ કહે તો અશુધ્ધ મનથી અશુધ્ધ બુદ્ધિથી દેખાતું નથી અને જયારે દેખાય છે એમ કહે તો શુદ્ધથી દેખાય છે એમ સમજવું એટલે હવે કહે છે -

**''एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते ।''**

**'एष' એટલે 'यस्माद् न परं किंचित ।'** જેનાથી ઉપર નીચે કાંઈ છે જ નહિ એ પરમાત્મા **'गूढ'** ગૂઢ એટલે છિપેલા છે. છિપેલા એટલે કેમ કે-

તેરો પ્રભુ તુજમે વસે તો જાગ શકે તો જાગ ।"

(પ્રીતમદાસજી)

જેમ ફુલમાં સુગંધી છે તો દેખાય છે ? બોલો ? (નહિ.) ફુલ દેખાય પણ સુગંધી દેખાતી નથી. પણ સુગંધી છે એમ બુદ્ધિ વાપરો તો દેખાય. સૂક્ષ્મ સૂક્ષ્મ (વિચારો) કે આ સુગંધી આવે છે તો કયાંથી આવે છે. તો (ફૂલમાં) અંદર છે ત્યારે આવે છેને ? એમ જયારે બુદ્ધિથી વિચાર કરો તો અંદર ફુલમાં સુગંધી છે એમ સમજાય છે. યા તો નાસિકાથી ઘ્રાણના માધ્યમથી સમજાય છે. બુદ્ધિના માધ્યમથી સમજાય છે. એમ પરમાત્માની અનુભૂતિ ઉપનિષદોથી અને સૂક્ષ્મ બુદ્ધિથી... સૂક્ષ્મ બુદ્ધિવાળા મહા પુરુષો અનુભવ કરે છે. એટલે કહે છે-

**''एष सर्वेषु भूतेषु, गूढोत्मा न प्रकाशते ॥''**

ધ્યાનથી સાંભળો **'न प्रकाशते'** એક શબ્દ વાપર્યો પાછળ કહે છે **'द्रश्यते'** તો હવે પ્રકાશિત નથી થતો તો દેખાય કેમ ? એનો પરિહાર બતાવ્યો કે મૂઢ બુદ્ધિવાળાને અશુદ્ધ બુદ્ધિવાળાને દેખાતો નથી અને સૂક્ષ્મથી જયારે વિચાર કરો અગ્રભાગથી વિચાર કરો તો અનુભવમાં આવે છે. એમ એનો અભિપ્રાય છે. એમનામ સીધો સ્થૂળ દેખાતો નથી જયારે અનુભવથી તમે અગ્ર અગ્ર બુદ્ધિ કરતાં જાવ તો બુદ્ધિમાં બેસી જશે. કે હા, પરમાત્મા સર્વત્ર છે છે ને છે પરમાત્મા પૂર્ણ હોવાથી બધે છે એમ યુક્તિ દ્વારા સમજાય છે. પેલા **'न प्रकाशते'** કહ્યું ને પાછળ **'द्रश्यते'** કહ્યું તો બેય સામા સામી વિરોધી થાય એટલે વિરોધ પરિહાર કર્યો કે અશુદ્ધ બુદ્ધિવાળાને દેખાતા નથી વગર વિચારે દેખાતા નથી જયારે વિચાર દ્રષ્ટિ વાપરો અંતર્મુખ વૃત્તિ કરો અંદર ડૂબરી મારો ત્યારે દેખાય છે. જેમ દરિયા કાંઠે જાવ તો તમને હિરા-મોતી દેખાય છે ? તો-

તો મળે કોને ? જે ઊંડા પાણીમાં જાય એને એમ સૂક્ષ્મ જે વિચાર કરે એને છે એમ સમજાય. પણ સૂક્ષ્મ વિચાર ન કરે એને છે એમ સમજાતું નથી. તો **'द्रश्यते त्वग्रयया बुद्धया सूक्ष्मयासूक्ष्मदर्शिभिः ।'** તો

બે શબ્દ યાદ રાખો **'अग्रया बुद्धया सूक्ष्मया'** કે સૂક્ષ્મ સૂક્ષ્મ વિચાર કરો. તો શું વિચાર કર્યો ? ધ્યાન આવ્યું ? તો ઈન્દ્રિયો કરતાં કોણ સૂક્ષ્મ છે ? મન. મન કરતાં બુદ્ધિ, બુદ્ધિ કરતા મહાન એટલે મહત, મહતત્ત્વ વધારે સૂક્ષ્મ બતાવ્યું. અવ્યક્ત પ્રકૃતિ અવ્યક્ત પ્રકૃતિથી પરમાત્મા વધારે સૂક્ષ્મ છે. તો ધીરે ધીરે આગળ આગળ અંદર અંદર ઉતરોને અગ્ર અગ્ર બુદ્ધિ કરો તો તમે બધાયે કપડા પહેર્યાને એમાં અંદર અંદર ઊંડા ઊતરો. તમને પૂછે કપડા શેમાંથી બન્યા ? કપડાની પેલા શું હતું ? પેલા દોરા. દોરાની પેલા શું છે ? રૂ છે. રૂ ની પેલા શું છે ? કપાસ છે, કપાસની પેલા શું છે ? બીજ છે. બીજ માટીમાંથી થયું તો એની પેલા માટી છે, માટીની અંદર પેલા જળ છે. જળની પેલા તેજ છે. તેજની પેલા વાયુ છે. વાયુની પેલા આકાશ છે. આકાશની પેલા મહતત્ત્વ છે. મહતત્ત્વ પેલા પ્રકૃતિ છે ને પ્રકૃત્તિ પેલા પરમાત્મા છે તો આગળ આગળ જાવ તો શું દેખાય ? બોલો ? પરમાત્મા

(સ્વામી પ્રિતમદાસજી)

**उपदेशमवाप्येव माचार्या तत्त्वदर्शिनः ।**
**पंचकोष विवेकेन लभन्ते निवृत्ति पराम् ॥**
**(पंचदशी प्रकरण १-३२)**

તો સૂક્ષ્મ સૂક્ષ્મ અંદર અંદર જવા માટે પાંચ કોષનો વિચાર કરવો. આચાર્ય સદ્‌ગુરુ એની પાસે બેસીને જે પાંચ કોષનો જે વિચાર કરે છે તો - **'लभन्ते निवृति परां ।'** તો પરમ નિવૃતિ પ્રાપ્ત થાય છે. અર્થાત્ પરમાત્માની અનુભૂતિ થાય છે. એટલા માટે સૂક્ષ્મ સૂક્ષ્મ વિચાર કરો તો આખું વિશ્વ પ્રભુ રુપ છે એટલા માટે એનું નામ અપરા બુદ્ધિ કહેવાય. એનું નામ સૂક્ષ્મ બુદ્ધિ આગે આગે આગે આગે જોતા જાવ તો આખા વિશ્વની આગે કોણ છે ? બોલો ? પરમાત્મા. પરમાત્માથી થયું છે એટલે પરમાત્મા સ્વરૂપ છે. પણ પાંચ કોષનો પડદો આડો આવી ગયો એટલે એ જ દેખાય છે. ઓલું દેખાતું નથી. એટલા માટે -

પણ

(ગીતા-અ-૭-૩)

કે હજારો મનુષો જે હોય એમાંથી કોઈક જ પરમાત્માને જાણવા માટે મહેનત પ્રયત્ન કરે છે. બધા માયાના આવરણમાં માયાના આવરણમાં અટકી જાય છે તો આવરણને દૂર કરવા માટે મહેનત નથી કરતા તો પંચકોષના પડદાને દૂર કરો તો તમારું સ્વરૂપ તમને તરત પ્રાપ્ત થઈ જશે એટલા માટે પંચ કોષ છે. અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ. તો એને જોવા માટે હિંમત હોવી જોઈએ. શૂરવીરતા હોવી જોઈએ.

(સ્વામી પ્રીતમદાસજી)

તો પ્રેમની પંથમાં પણ અંદર પડે એને મળે છે. દરિયામાં અંદર ડૂબકી મારે એને હીરામોતી મળે છે. એમ પંચકોષનો વિવેક કરીને અંતર્મુખ વૃત્તિ કરે એને સાચી વસ્તુ સમજાય છે. તો અન્નમય સ્થૂળ શરીર છે. અન્નમય શરીર સ્થૂળ શરીર કેમ કે આ સ્થૂળ અન્ન ખાવાથી વીર્ય બને તો પિતાના વીર્યથી ને માતાના રજથી અન્નમાંથી આ શરીરનું નિર્માણ થાય છે. ને અન્નથી વધે છે અને મરી જાય તો કોઈકનું અન્ન થઈ જાય છે. એટલા માટે સ્થૂળ શરીરનું નામ છે અન્નમય

કોષ. કોષ એટલે આવરણ કરવાવાળું હોવાથી જેમ તલવારને મ્યાનમય કોષ હોય છે. એમ આત્માને પણ ઢાંકવાવાળું આ સ્થૂળ શરીર છે. એટલે જીવને સ્થૂળ દ્રષ્ટિ થાય છે પણ આત્મદ્રષ્ટિ થતી નથી. હું અસંગ આત્મા છું મુક્ત આત્મા છું. શુદ્ધાત્મા છું, બ્રહ્માત્માં છું એમ દ્રષ્ટિ થવાને બદલે હું જાડો છું, હું પાતળો છું. હું બ્રાહ્મણ છું. હું ક્ષત્રિય છું. હું આ યાત્રી છું. હું સ્ત્રી છું હું આ ભગત છું એમ આ જીવને દેહ વૃત્તિ થાય છે. પણ બ્રહ્મ વૃત્તિ થતી નથી. એટલા માટે પેલા અન્નમય કોષનું આવરણ દૂર કરવું. એટલે હું સ્થૂળ શરીર નથી એવો રોજ અભ્યાસ કરવો અને સ્થૂળ શરીર મારું નથી. સ્થૂળ શરીર પછી અંદર સૂક્ષ્મ શરીર છે. પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ એ ત્રણ કોષ સૂક્ષ્મ શરીરમાં છે. પાંચ પ્રાણ તો બધા સમજો છોને ? જેનાથી શ્વાસ તમે લો છો. પ્રાણ, અપાન, વ્યાન ઉદાન ને સમાન. આ પાંચ પ્રાણોથી આ શરીર જે ચાલી રહ્યું છે. તો પ્રાણ હું નથી ને પ્રાણ મારા પણ નથી. પ્રાણની અંદર હું ચૈતન્ય આત્મા છું.

**न प्राणेन नापानेन मर्त्यो जीवति कश्चन ।**
**इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपश्रितौ ॥२-२-५॥**
(કઠોપનિષદ્)

કે પ્રાણ અપાન દ્વારા કોઈ જીવતું નથી પણ જેને આધારે પ્રાણ અપાન ચાલે છે એ ચૈતન્ય આત્મા છે. અને એને આધારે તમામ વિશ્વ ચાલી રહ્યું છે એટલે પ્રાણમય કોષ પણ હું નથી. પ્રાણ-શ્વાસ વિકારી છે ને આત્મા તો નિર્વિકારી છે એટલા માટે પ્રાણ હું નથી. પ્રાણ આવા-ગમનવાળો, વધવા-ઘટવા વાળો છે જયારે આત્મા વધે નહિ ને ઘટેય નહિ. એટલા માટે પાંચ પ્રાણ પણ હું નથી. ને ભૂખ-તરસ પણ મારો ધર્મ નથી. સ્થૂળ શરીર હું નથી. એટલે જન્મ મરણ મારો ધર્મ નથી. પાંચ પ્રાણ હું નથી. એટલે મારે કંઈ ભૂખ-તરસ નથી અને મનોમય એટલે મન હું નથી. પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન એ મળીને જે થયું તે મનોમય કોષ. તો મન વધવા-ઘટવા વાળું વિકારી છે મન ઉત્પન્ન થયેલું છે. **''कामसंकल्प धीरवीर सर्वं मनः ।''** આ વિકારી મન છે ને આત્મા નિર્વિકારી છે. એટલા માટે મનોમય કોષ પણ હું નથી. અને બુદ્ધિ જે છે વિજ્ઞાન એ પણ હું નથી કેમ કે બુદ્ધિ વધવા-ઘટવાવાળી છે. અને હું તો સદાય રહેવા વાળો એક રસ આત્મા છું અને આનંદ જે આવૃત આનંદ જે વિષયોનો આનંદ એ પણ હું નથી. ઊંઘમાં રહેલો જે આવૃત આનંદ એ મારું સ્વરૂપ નથી. હું તો અનાવૃત આત્મા છું વ્યાપક આત્મા છું અસંગ આત્મા છે એ પાંચેય કોષના પડદાઓ દૂર કરે તો જીવ પરમ પદના ભાગીદાર થાય પણ અનેક વિઘ્નો આવવાથી જીવો ત્યાં પહોંચતા નથી દ્રષ્ટાંત સાંભળો.૩

---

એકવાર મોટી સભા ભરેલી હતી. ત્યાં નારદજી આવ્યા અને નારદજીએ કહ્યું તમારે શું ઈચ્છા છે ? તો લોકોએ કહ્યું કે, અમારે ભગવાનના દર્શન કરવા છે તો નારદજીએ કહ્યું કે, તમે ચાલો બધા ત્યાં ભગવાન તો વૈકુંઠમાં આરામથી બેઠા છે. બધાને દર્શન ત્યાં આપશે. તો લોકો કહે કે, મહારાજ ! પણ અમે આખું ગામ આવીએ એનાં કરતાં ભગવાનને એકલાને લાવોને આખા ગામને આખા નગરને કયાં ફેરવો. અહીં તો દસ હજાર માણસો છે. તો નારદજી કહેવા લાગ્યા પણ દસ હજાર તમે ચાલોને સુંદર ભગવાન એકલા નહિ પણ ભગવાનની જગ્યા ય જોવાની છે. ભગવાન તો આવશે પણ ભગવાનની જગ્યા અહીં થોડી આવશે ! તો ચાલો તમને ભગવાનની જગ્યા પણ જોવાની... તો કહેવા લાગ્યા કે ભય જગ્યા જગ્યા કંઈ નહિ. અમારે તો ભગવાનના દર્શન કરાવો તો અમારો બેડો પાર થઈ જાય. તો નારદજી એનું માનીને ભગવાનની પાસે ગયા. ભગવાનને કહ્યું કે, મહારાજ ! તમે દર્શન દેવાં આવો. તો ભગવાન કહેવા લાગ્યા કે દર્શન દેવા આવીશ પણ એ જીવો કરી શકશે નહિ. કેમ કે એને ભોગ વૃત્તિ છે ભગવાનવૃત્તિ થતી નથી. તો (નારદજી) કહેવા લાગ્યા. મહારાજ ! બધા સરખા ન હોય આ લોકો તો બહુ ભાવના વાળા છે એટલે હું એને માટે આવ્યો છું તો ભગવાન કહે, ચાલો તો ભગવાન આવ્યા તો પાંચ કોષ દૂર રહ્યા. નગરથી, શું રહ્યા ? બોલો ? પાંચ... પાંચ કોષ એટલે સંસ્કૃતમાં બે ગાવનો એક કોષ થાય એટલે દસ ગાવ દૂર રહ્યા.હવે, કોષ કહે ત્યારે તમારે બે ગાવ સમજી લેવાના. એટલા દૂર રહ્યા ત્યારે ભગવાને નારદજીને કહ્યું, હવે, મારે અહીં રહેવું છે.

ૐ જય શ્રી સચ્ચિદાનંદ

# ગુરૂ કેવા હોવા જોઈએ ? ભાગ - ૧

રેખાબેન આર. મયાણી
ભાવનગર

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરબ્રહ્મ પરમાત્માની પરમ કૃપાથી આપણાં પૂર્વના કરોડો જન્મના પુણ્યના ફળથી આ માનવ જન્મ મળ્યો છે. જે દેવોને પણ દુર્લભ છે. આ માનવ જન્મમાં જ બુધ્ધિ વડે જ્ઞાન પ્રાપ્ત કરી પરમાત્માને ઓળખી શકાય છે. બાકી બીજી યોનિમાં જન્મ મળે તો એ તો.

તો દેવોને પણ દુર્લભ એવા આ માનવ જન્મને સાર્થક કરવા ગુરૂનું શરણ લેવું જોઈએ. માનવ જન્મને સાર્થક કરવાં ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ પુરુષાર્થ બતાવ્યાં છે જે પૂર્ણ રીતે થવા જોઈએ અને આ પૂર્ણતાને પામવાં કેવા ગુરૂનું શરણુ લેવું જોઈએ ? તો ભાવનગર મૂકામે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન અખંડાનંદ મહિલા મંડળ દ્વારા થયેલું હતું જેની વ્યાસપીઠ પર પરમ પૂજય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય **શ્રી માધવપીઠાધીશ્વર શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય** શ્રી વ્યાસપીઠ પર બીરાજી કર્મ, ભક્તિ અને જ્ઞાનથી ભરપુર અમૃતમય ઉપદેશનું રસપાન કરાવી તેમની પાવન વાણીથી જીવ-જગત ને જગદીશનો સંબંધ સમજાવી અને જીવન સચ્ચિદાનંદમય બને તેવી પવિત્ર કામના સાથે દિવ્ય મંગલમય અવસર પર જ્ઞાનગંગામાં નવડાવી. ભાવનગર તેમજ આજુબાજુના ગામના સેવકગણને ધન્ય ધન્ય બનાવી દીધા છે તેવા સદ્‌ગુરૂના શરણમાં અમારા કોટી કોટી વંદન કરી અમારું બાકીનું જીવન સદાય સદ્‌ગુરૂના શરણમાં સમર્પિત કરી. આર્શિવચનની અભિલાષા રાખીએ છીએ કે અમારું મન પવિત્ર, નિર્મળ અને ઉન્નત બને. અમારું જીવન કલ્યાણકારી પરોપકારી અને પરમાર્થી બને.

આ કથાના આયોજનમાં અખંડાનંદ મહિલા મંડળના બાળકો દ્વારા "માધવ ચરિત્ર" ની ઝાંખી નાટક દ્વારા કરવામાં આવેલી. એનો એક પ્રસંગ છે માધવાનંદ સ્વામી મહારાજને અવધુત બાબાએ કહેલું કે તું કાશી ભણવા જા. ગુરુ હંમેશા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ. ત્યાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરૂની પાસે તું વેદાભ્યાસ કરજે. તેના જ્ઞાનથી તને સત્ય સમજાશે.

તો હવે આપણો પ્રશ્ન પણ એ જ હતો કે આપણે કેવા ગુરુનું શરણ લેવું જોઈએ ? તો આપણા પ.પૂ. બ્રહ્માનંદસાગરજી મહારાજે આ ભાવનગર મૂકામે આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં રાત્રિના કથા પ્રવચનમાં સમજાવ્યું કે આપણે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરૂના શરણે જવું જોઈએ. શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરૂ જ શિષ્યને પોતાની ઓળખ સ્વસ્વરૂપની ઓળખ કરાવી શકે છે. આવા ગુરૂ જ પરમાત્માનું સ્વરૂપ ઓળખાવી શકે છે. અને તત્ત્વમસિ જેવા વાકયનો ઉપદેશ આપી તે તું છો તું પરમાત્માનું સ્વરૂપ છો એવું જ્ઞાન આપે છે. હું શરીર નથી, શરીર મારું નથી, હું આત્મ સ્વરૂપ છું. એવું જ્ઞાન આપી દેહાધ્યાસ દૂર કરાવે છે, એટલે કે દેહાધ્યાસ છોડાવે છે. અને આત્મસ્વરૂપમાં લીન કરાવે છે.

માનવજન્મ મળ્યા પછી પણ પુણ્ય વધ્યા હોય ત્યારે જ આવા સદ્‌ગુરૂનો ભેટો થાય છે. જે શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ અને સમર્થ હોય. ગુરૂ તો ઘણા હોય પણ **સદ્‌ગુરૂ તે જ કહેવાય જે સત્યના માર્ગે લઈ જઈ સત્યની ઓળખ કરાવે.**

એવા આપણા માધવાનંદ સ્વામીજી મહારાજ તથા આ માધવ પરંપરામાં જેને આપણે જાણ્યા અને માણ્યાં એવા સમર્થ અને શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજ જેને આપણે અખંડાનંદ બાપા તરીકે પણ ઓળખીએ છીએ અથવા તો બોલીએ છીએ. જે સદાય આપણા હૃદયમાં બિરાજમાન છે. અને આજે અહીં આપણે જોઈ રહ્યા છીએ. તેના જ સ્વરૂપે આજે તેના સ્વરૂપ થઈ જ્ઞાન ગંગાની અમૃતવાણી વહાવતા સદ્‌ગુરૂ સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજની જ્ઞાન ગંગાની અમૃતવાણીથી આપણે આપણા જીવનને ધન્ય બનાવી તેમનું પીરસેલુ જ્ઞાન આપણા જીવનમાં ઉતારી ગુરૂના રૂપ થઈ આપણું જીવન સાર્થક કરીએ. પારસમણી લોઢાને સોનું બનાવે છે પણ પારસમણી બનાવતી નથી જયારે સદ્‌ગુરૂ તો આપણને પોતાના રૂપ બનાવી દે છે.

જેમ માધવ પરંપરાના દરેક ગુરૂ માધવાનંદ સ્વામીનું સ્વરૂપ બની ગયા છે. દરેકમાં આપણને માધવાનંદ સ્વામીજી મહારાજના દર્શન થાય છે તો તો

આપણે પણ તેમના જ શિષ્યો છીએ તો આપણે કેમ આવા ગુરૂનારૂપ ન બની શકીએ ? એના માટે આપણે જ્ઞાન લેવા તત્પર થવું જોઈએ અને મુમુક્ષુ થવું જોઈએ. મુમુક્ષુ એટલે પરમાત્માને જાણવાની જીજ્ઞાસાવાળા બનવું જોઈએ.

એટલે જ કહ્યું છે કે **''પાણી પીઓ ગાળીને, ગુરૂ કરો જાણીને''**

અને નહિ તો પછી આ જગતમાં કાન ફુંકણીયા ગુરૂ ઘણા મળે છે. પણ એ બધા તો **''બાંધે કંઠી અને પછી ગયા વંઠી''** એમાં કાંઈ લેવાનું હોય નહિ. આવા તો અઢાર લાખ ગયા **કાન ફુંકી ફુંકીને મૂઆ** તો આવા કાન ફુંકણીયા ગુરૂને માટે દોડવાની જરૂર નથી. આપણે જાગવાની જરૂર છે, ઉઠો અને જાગો .

આપણી પાસે એક એવા ગુરૂ છે જેને

તમને અને મને ઈશારામાં સમજાવે અને એ ઈશારો કેવો છે ? ખબર છે !!! બહુ ઉંડા ઉતરોને તો જ તમને આ તત્ત્વ સુધી પહોંચવાનો અનુભવ થાશે. ખરેખર, આપણે તો બહુ ભાગ્યશાળી છીએ કે આપણને બધાને એ અખંડાનંદ બાપા જેવા સરળ સ્વભાવના એવા મહાન સિધ્ધ પુરુષ મળ્યા કે જેણે એના દિલમાં હતું તે બધું જ આપણને આપી દીધું અને એનો ભાવ કેવો !!! એના હૃદયમાં એવો ઉબરો આવી જતો હતો કે અમુક ટાઈમે તો આપણને, જેણે અનુભવ હોય તે જ સમજી શકે.

આવા સંતો દુર્લભ છે જે ભમરી જેવી જેની ભાવના રાખી પોતાના સમાન બનાવી એમ કહી દે કે

આ અખંડાનંદ મહિલા મંડળ દ્વારા કથાનું આયોજન થયું. કથા તો કેવી થઈ જૂઓ તો ખરાં !!! આ મંડપના પ્રવેશદ્વારમાં અખંડાનંદ બાપાનો ફોટો જોઈએ ત્યારે બાપા એવું કહેતા હોય એવુ લાગે છે કે

પણ એક વાત યાદ રાખજો પોતાનું કર્તવ્ય જે ચૂકયા છે પોતાની ફરજમાંથી જે નીકળ્યા છે અને પછી ભગવાનને અરજ કરવા જાય છે તો એની ગરજ પૂરી થતી નથી.

યાદ રાખજો, તમે એકવાર ફરજમાં આવી જાવ તો તમારે અરજ નહીં કરવી પડે અને કોઈની પાસે ગરજ માટે જવું પણ નહી પડે. પણ, એ વાત યાદ રાખજો, જે વ્યક્તિ ફરજ ઉપર અડીખમ રહ્યો છે એની ફરજ પ્રમાણે એને બધું જ ભગવાન આપી દે છે. એટલા માટે કહ્યું છે કે

અને એ માટે આપણા ચિદાનંદસ્વામીજી મહારાજે પરંપરાની જે ખરેખર, મજબૂતાઈના સુત્ર સુધી દરેક સાધક પહોંચી શકે એટલે સરળ ગુજરાતીમાં આપણને સાધનાનો માર્ગ બતાવ્યો છે કયારેક વાંચજો.

એક સુત્રનો વિચાર કરજો. ચિદાનંદ સ્વામીજીએ સાધકને સાધનાના માર્ગ ઉપર આગળ વધવાનો જે માર્ગ બતાવ્યો છે આચાર સંહિતામાં તેમાં તમને અને મને સૌ પ્રથમ ઉત્થાન વિધી બતાવી છે. ત્યાર પછી શૌચ વિધી, સ્નાન વિધી, ચંદન વિધી, રૂદ્રાક્ષ ધારણ વિધી વગેરે વિધી... સંસ્કૃત શ્લોક સાથે બતાવી છે તે વાંચજો અને તે પ્રમાણે કરજો.

આચારસંહિતામાં આના ત્રણ વિભાગ થાય. વેદાંતની પ્રક્રિયામાં જે આગળ વધ્યો હોય, ગુરૂની કૃપાને પાત્ર થયો હોય અને જેણે ગુરૂની પાસે રહીને સેવા દ્વારા ગુરૂની આ જે મહિમા છે તેમાં લખ્યું છે.

એ શ્લોકની મહિમામાં લખેલું છે એની ટીકામાં ચિદાનંદ સ્વામીજીએ બહુ ગહન લખેલુ છે. આગળ એમાં પછી

**''પિંડં કુંડલીની શક્તિઃ પદં હંસમુદાહૃતમ્,**
**રૂપં બિંદુરિતિ જ્ઞેયં રૂપાતીતં નિરંજનમ્''**

આ શ્લોક ઉપર પણ ચિદાનંદ સ્વામીજીએ વિસ્તારથી ટીકા લખી છે જે મોટી સોપાન ગુરૂગીતામાં છે. તે વાંચજો અને કોઈને પણ પ્રશ્ન હોય, જીજ્ઞાસુ. જે સાચા માણસ હોય સાધક, જે સાધનામાં પોતાના જીવનની અંદર વાસ્તવિકતાને મેળવવા માગે છે જીવનની અંદર આંધી તુફાન ગમે તેટલા આવે

દુનિયાની અંદર ગમે તેટલા આંધી તુફાન વચ્ચે પણ શૂન્યમાંથી સર્જન કરીને તમને બહાર નીકળવાની જો કળા શીખવી હોય તો આ ગુરૂએ આપેલા એક એક શબ્દનો વિચાર કરજો.

**''સદ્ગુરૂના શબ્દ વિચારતા,**
**મટે મોહ માયાને વિકાર બ્રહ્મરસ પીજીએ.''**

તમને કશું જ નડતું નથી. આ સંસારની અંદર આ શરીર છે ને !!! આ શરીર જ તમને અને મને સાથ નથી આપતું તો આ શરીરને તમે ને હું કેટલુંય સાચવીએ, ખવડાવીએ, પીવડાવીએ, નવડાવીએ, ધોવડાવીએ, સારાં કપડાં પહેરાવીએ સારું સારું ખાવાનું ખવડાવીએ કાજુ કતરીને, બદામ કતરી, લોકોને છેતરી, ગમે તેમ વેતરીને બધુ ખવડાવીએ તોય પાછુ કહે ઢીંચણે વા આવ્યો છે !!! આ શરીર સાથ નથી આપતુ તો આ દુનિયાના લોકો તમને અને મને મદદ કરે એવી આશા પણ ન રાખતા. સ્વપ્ને પણ આશા ન રાખશો કે મને મારા સગા બોલાવશે, મારી પાસે આવશે, મને આમ કરશે, તેમ કરશે, ઓલા મને બોલાવશે. જે નરસિંહ મહેતાને નાત બહાર મુકયા હતા સમાજે તેને જઈને પૂછો. અત્યારે નાત કોનાથી ઓળખાય છે ? આ દુનિયા છે ને હંમેશા ઉંધી છે અને જયારે દુનિયા જેને વધારે બોલાવેને ત્યારે હરી ૐ તત્ સત્ પૂણ્ય ખુટ્યું !! અને તેમને જયારે દુનિયા ધક્કે ચડાવે ત્યારે સમજી લેવું તારા પૂણ્યનો એ વખતે ઉદય થયો છે. પૂણ્યનો ઉદય થાય ત્યારે એક એવી દુનિયાની અંદર ગુરૂની કૃપાને પાત્ર થઈ એક એવા સુત્રની અંદર તમે જોડાઈ જાવ છો જયાંથી તમારા જીવનની શરૂઆત થાય છે. મીરાંબાઈને પૂછો, તો એ મીરાંને મિટાવી દેવા માટે ઝેર આપ્યું છે. શું વેર હશે એની સાથે ? કેમ ઘર છોડીને જતી રહી. આ દુનીયામાં જેણે ભક્તિ કરી છે ને, લોકો તેની પાછળ પડયા છે. અને એક વાત યાદ રાખજો અને એ જ વ્યક્તિ ભક્તિના માર્ગે આગળ ટકી શકયો છે જેને દુનિયાએ ધક્કો માર્યો. અને આ દુનિયા ધક્કો મારે ને ત્યારે જ તમારી પ્રગતી થાય એ નિશ્ચિત છે. ઈતિહાસની અંદર તમે જાવને તો જાણવા મળશે આ દુનિયા જ તમને અને મને સત્યના માર્ગ ઉપર લઈ જાય છે. તમે કહેશો કે એમ કેમ ? તો એ રૂપની અંદર ભગવાન તમારી ઉપર કૃપા કરી અને પરમાત્માનું એક એવું સ્વરૂપ આ દુનિયાના રૂપમાં છે. અને આ દુનિયાના રૂપમાં ભગવાન સ્વયં તમારી ઉપર કૃપા કરી તમારા અને મારા મનને આ સંસારના માન, ધાનને તાનમાં વિષય વાસનાને બીજા બધા પદાર્થની અંદર એટલી ધૃણા પેદા કરાવે છે પછી, તમારે ભક્તિ ન કરવી હોય તોય તમારું મન ત્યાં જાય. એ ભગવાન કૃપા કરી ચારે તરફથી તમને દબાણ કરી અને એ રીતે તમારો હાથ પકડે છે ત્યારે તમારુ મન ભક્તિના માર્ગે, ભક્તિ કરવી ન હોય તોય એ ભક્તિ થઈ જાય તમે દરીયાના મધ્યમા જયારે ડૂબવાના હોય અને એ વખતે નાવડું પાણમાં ગરકાવ થવાનું હોય એ વખતે જો હનુમાન ચાલીસા બોલો, અને અત્યારે ભેગા થઈને બોલો કેટલો ફરક હશે ? કહો. એમ જયારે દુનિયા તમારી ખિલાફ અને ભક્તિ થવા લાગે ત્યારે અંદર જે લગની લાગે ને એ તો સૂરતા ચડી રે આસમાને એ અનુભવની વાત આખી જૂદી છે. એક એટલું જ તમને અંદરથી કહે બેટા, ચિંતા ના કરીશ. મેં તારો હાથ પકડયો છે. ગુરૂ ગીતામાં લખેલું છે બધા દેવતાઓ રુષ્ઠ થઈ જાય પણ એક વખત ગુરૂના શરણે ગયો હોય પછી કોઈપણ દેવતા એને વાળ પણ વાંકો ન કરી શકે. અને અહીં મંડપમાં બાપા કેવા બેઠા છે તમ તમારે આવતાં રહો અહીં હું બેઠો જ છું, એમ જ કહે **''હિંમતે મર્દા તો મદદે ખુદા''** તો હવે નક્કી કરો કે કયારેય ન રહેવુ ગુરૂથી જુદા દુનિયા ગમે તેટલી તમને અને મને વિદા આપી દે પણ આ જ દુનિયા તમને એક સમય એવો આવે કે ગુરૂકૃપાને પાત્ર થાવ ત્યારે આની આ જ દુનિયા તમારી ઉપર ફિદા થઈ જાય એટલે આપણે અહિંયા ચિદાનંદ સ્વામીજીએ જે માર્ગ બતાવ્યો છે, સાધનાના માર્ગનો અભ્યાસ કરવાનો શરૂ કરો. કોણ શુ કહે છે એ વિચાર ના કરશો. બધાં ટોળુ કરે એમ ના કરશો યાદ રાખજો દુનિયામાં બધાને ગાળો બોલતા આવડે છે પણ શ્લોક બોલતા આવડતું નથી. નબળું શીખવાડવું નથી પડતું બધાને આવડી જાય. આપણી આસુરી વૃત્તિના આ મગજ અવળા માર્ગે જાય છે હવે એ ચિદાનંદ સ્વામીજીએ બહુ સુંદર પરંપરા આપી છે મંત્ર, યંત્ર અને તંત્ર. વેદાંતની પ્રક્રિયા સાથે એણે આપણને એ ક્રમબધ્ધ આપ્યું છે. સૂત્ર બધ્ધ આપ્યું છે અને સત્યનો માર્ગ બતાવ્યો છે. "સત્યને લબ્ધં ઈશ. આત્મા સમ્યક્ જ્ઞાનેન" ખરેખર આપણે તો ભાગ્યશાળી છીએ કે આપણને બધાને સમર્થ એવા આવા ગુરૂ સિધ્ધ પુરુષ મળ્યા છે. જેનીકૃપાથી બધાને બધી રીતે એમની કૃપાને પાત્ર મુક્તિ મેળવવામાં તો

કોઈ ખામી જ નથી રહી. મને તો એવું લાગે છે કે થોડુક વધારાનુય આપી દીધું છે એટલે હજમ થતું નથી, અધિકાર વગરનું હજમ થતું નથી, એટલે અહંકાર એ એક બરફનો ગાંગડા જેવો છે તમે જો જો બરફ અને પાણી બેય જુદા નથી એટલે બરફનો ગાંગડો તમને કપાળે માર્યો હોય તો શું થાય કહો. શું થાય ? માથુ ફુટી જાય એમ આપણે બધાય છે ને આ બરફના ગાંગડા જેવા છીએ. અહીંયા પાણી હોય ને પાણી એને તમે ટબમાં લઈને કોઈકની ઉપર ગમે તેમ પ્રેશરથી મારો ને તો ય એ પાણી વાગે નહી. પાણી એ હંમેશા નિર્મળ છે અને કોમળ છે. પણ પાણીમાંથી બનેલો બરફનો ગાંગડો એ લમણું ફોડી નાખે. આપણે બધાય આત્માના સ્વરૂપમાં પ્રેમાસ્પદ આત્મારૂપ છીએ પણ અહીંયા તમને અને મને એક અહંકારની એવી પ્રકૃતિમાં વિકૃતિ પેદા થઈ. પાણીમા જેમ વિકૃતિ પેદા થઈને જેમ ગાંગડો બની ગયો તેમ આપણેય બધા ગાંગડા બની ગયા ને ગાંગરડા જ નાખીએ છીએ અને આ જ બરફના ગાંગડા ઓગળે ને !! કયારે ઓગળે ખબર છે ? બધી બાજુથી ભીંસ આવે અને ગરમી એવી આવે ત્યારે મંડે ઓગળવા. એમાંય ઘણા કહે, મહારાજ અમારે ગામમાં મંદીર બનાવવાનું હતું. એક ભાઈ બરફની મોટી પાટ છે પણ ઓગળતી નથી. બધાએ થોડું થોડું આપ્યુ પણ આ એક ભાઈ જો ઓગળી જાય તો અમારું આ મંદિર પુરુ થઈ જાય આ બરફની પાટ ઓગળે અને એમાંય મહાપુરુષ જયારે કૃપા કરે અને એ ઓગળે અને પછી જયારે એ ઢગલો કરે ને ધનનો ત્યારે મંદિર બની જાય. એમ અહીંયા તમે અને હું ખરેખર આ અહંકારના ગાંગડામાંથી જો ઓગળી જઈએ ને તો કેવી રીતે થાય ખબર છે ? મીઠાની પૂતળી દરીયામાં જાય અને એમ કહે કે હું પાણીની ગહરાઈ (ઉંડાઈ) માપીને આવું તો એ પાણીની ગહરાઈ માપવા ગયેલી પૂતળી પાછી આવતી જ નથી. એટલે કહેવું પડે છે કે અહીંયા લવણ પૂતળી એટલે મીઠાની પૂતળી એ દરિયાની અંદર ગયેલી પાછી નથી આવતી એમ તમે ને હું પણ જયારે આ સંસારમાં જયારે કોઈ પણ કાર્ય કરીએ ને ત્યારે એ વ્યક્તિ ફરીને કહેતો નથી કે હું કરું અને મેં કર્યુ કે મારાથી થાય. આ અહંકાર રહિત જીવન બનાવવા માટે સ્વરૂપની અંદર ઓગળી જવા માટે આત્મા એ પરમ પ્રેમાસ્પદ તત્ત્વ છે. અને ચિદાનંદ સ્વામીજીએ જે સમજાવ્યું છે તેનું સુત્ર હું તમને કહી દઉં યંત્ર, મંત્ર અને તંત્ર. તો આ શરીર એ યંત્ર છે.

**''જી રે વાહન જેવો આ દેહ છે,**
**એમા અવર પુરુષ આરૂઢ**
**ગુણાતીત ગુઢ, હેતે ગાયા હાલરડા''**

## કેસર છાંટી ને લખીએ કંકોત્રી

**તળશીભાઈ હરજીભાઈ**
**પીપળીયા**

**હું અપરાધી ગુરૂ આપનો,**
**ને અવગુણનો ભંડાર,**
**પણ દયા કરીને દીજીએ,**
**તવ શરણું મહારાજ.**

કેસર છાંટીને લખીએ કંકોત્રી
પેલી કંકોત્રી આકરૂ ધામે મોકલીએ
અમ આંગણ અંતીમ અવસર આવીયા
એ અવસરીએ આવીને દર્શન દેજો.. અંતીમ
મારા ગુરૂજી માધવ ત્યાં વસે
આવી વસો મારા રૂદીયાની માય.. અંતીમ
બીજી કંકોત્રી ઓજરાળા મોકલીએ
શિહોમ્ સાગર સ્વામીજી ત્યાં વસે
આવી વસો મારાં રૂદીયાની માય.. અંતીમ
રોજ આશ્રમે નિત્ય તું આવજે
રોજ આવું ને દર્શન થાય.. અંતીમ
ત્રીજી કંકોત્રી ચાણોદધામે મોકલીએ
રાંકની કંકોત્રી હસ્તમાં ધરજો
જયારે ઘર આંગણ આવ્યા ગોબરા
ત્યારે પોલીસ લાવ્યા તા તત્કાળ..અંતીમ
જયારે ઉડે કુવે આ દેહ પડે
ત્યારે જેમ પકડી મારી બાય.. અંતીમ
આ રે સંસારમાં સુખ ન ભાળયું
સ્વારથના સગા અને સ્નેહી.. અંતીમ
સુરજ નીત્ય ઉગે ને ભલે આથમે
જે જે માંગીયું તે ગુરૂજીએ આપીયું
હવે માંગુ છું ગુરૂજી તમ શરણ.. અંતીમ
રોજ વાટું જોવ છું ગુરૂદેવજી
અંત સમયે તમ દર્શન થાય.. અંતીમ
કેસર છાંટીને લખીએ કંકોત્રી
અંત સમયે દર્શન થાય.. અંતીમ

# ગુરુગીતા માહાત્મ્ય

પટેલ દેવિકાબેન જે.
ઓજરાળા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પ. પૂ. સ્વામી શ્રી હરિહરાનંદસાગરજી મહારાજના હરીદ્વાર આશ્રમમાં કથા સત્સંગ આધારિત.

ભગવાન શંકર અને પાર્વતિજીના સંવાદથી સુપ્રસિદ્ધ ગુરુગીતાનો વિચાર કરી રહ્યા છીએ. સૂતજી મહારાજ શૌનકાદિ ઋષિઓને અને ભગવાન શંકરને પાર્વતિનો સંવાદરૂપ સંભળાવે છે. પાર્વતિજીએ પ્રશ્ન કર્યો તેનો ભગવાન શંકરે ઉત્તર આપ્યો. કયા માર્ગે જીવ આ દેહથી બ્રહ્મરૂપ થાય તે બતાવો. ઉત્તર આપતા પહેલા બાર શ્લોકમાં ગુરુનું ધ્યાન મંગલાચરણ બતાવે છે. હવે તેરમાં શ્લોકમાં

**'''ગુ'શબ્દ સ્ત્વન્ધકારોડસ્તિ**
**'રૂ' શબ્દસ્તન્નિરોધકઃ**
**અન્ધકારવિરોધિત્વાદ્ ગુરુરિત્પભિધીયતે''**

ગુરુ શબ્દનો અર્થ બતાવતા ભગવાન કહે છે, હે પાર્વતિ ગુરુની અંદર બે વર્ણ છે. ગું કાર એ અંધકારનો વાચક છે.  રૂ કાર છે તે પ્રકાશનો વાચક છે. ગુરુ શબ્દનો પ્રયોગ એટલા માટે થાય છે અજ્ઞાનરૂપી અંધકારનો વિરોધી હોવાથી વિનાશક હોવાથી ગુરુ એવા શબ્દથી કહેવામાં આવે છે. જ્ઞાન આપી અજ્ઞાનનો નાશ કરે તેને ગુરુ કહેવાય છે કારણ ગુરુ અંધકાર હરી લે છે.

**''યદંઘ્રિકમલ દ્વન્દ્વં દ્વન્દ્વતાપ નિવારકમ્,**
**તારકં ભવસિન્ધોશ્ચ શ્રી ગુરું પ્રણમામ્યહમ્''**

ભગવાન આ શ્લોકમાં પણ ગુરુ શબ્દનો અર્થ બતાવતા કહે છે હે પાર્વતિ જેમના બે ચરણ છે તે કમળ જેવા છે. એ દ્વંદ્વોનો તાપ નિવારણ કરવાવાળા છે. જન્મ- મરણ, સુખ-દુઃખ, નાના-મોટા એને દ્વન્દ્વો કહે છે. આ જીવો દ્વન્દ્વોથી દુઃખી થાય છે. મનુષ્યનું મોટામાં મોટું દુઃખનું કારણ હોય તો એ રાગ-દ્વેષ છે.

**''રાગ દ્વૈષ રહ્યા રૂદિયામાં, અનેક દુઃખ ઉપજાવે,**
**કલ્પદ્રુમ ચિંતામણિ સરખી, પ્રભુભક્તિ નવ ભાવે**
**જંજાળી જીવેડે મુક્તિની જુગતિ ન જાણી''....**

જીવ દ્વન્દ્વોથી પીડાયેલો છે. તે છોડાવવાળા ગુરુ છે. ઉત્તમ લાભ લેવામાં જો કોઈ બાધક હોય તો તે માન - અપમાન છે. જીવ માનથી મોટો થાય છે. અને અપમાનથી જીવ દુઃખી થાય છે. એકવાર મહાત્મા એક ગામમાં આવ્યા. ગામમાં બધા પ્રકારના લોકો વાસ કરતા હોય. ઘણા સંતના સમર્થન વિરોધી હોય. વિરોધી લોકો મહાત્માનો વિરોધ કરતા હતા. જે બીજા લોકો હતા તે કહે આ લોકો તમારી નિંદા કરે છે. તો તમે તેમને કંઈ કહેતા નથી. મહાત્મા કહે કે આ શરીરની નિંદા કરે છે. તે મારા સહાયક છે. અને જે આત્માની નિંદા કરે છે તો તે પોતાની જ નિંદા કરે છે. એમાં મારે શું કહેવાનું ? કારણ કે મારો આત્મા અને એનો આત્મા એ જુદો નથી. મારો આત્મા સર્વ ભૂતોમાં છે. સર્વ ભૂતોમાં વિદ્યમાન છું. માટે જે શરીરની નિંદા કરે છે તે મારા સહાયક છે. કારણ કે હું પણ શરીરની નિંદા કરું છું, સંપૂર્ણ શરીર નીંદ્ય છે. નિંદા કરવા યોગ્ય છે. ખરાબમાં ખરાબ પદાર્થો આ શરીરમાં છે. બાહ્ય શરીર બહુ સુંદર છે. બહાર બધી હોય ખરાબી હોય તો આ શરીરના કારણે છે. ભગવાને આ સૃષ્ટિ સુંદર બનાવી છે. તો ગંદી કોણ કરે છે બોલો મનુષ્યથી ઈતર કેટલા બધા જીવો રહે છે. કોઈ પ્રાણીઓ આ સંસારને ગંદો નથી કરતા. પશુ-પક્ષી દ્વારા કોઈ ગંદકી જોઈ ? ના. અને મનુષ્ય રહેતો હોય ત્યાં જુઓ ચારેબાજુ બેસુમાર ગંદકી છે અને ગંદકી કરી હોય તો એ મનુષ્યે કરી છે. જળને દુષિત કરી નાખ્યું હોય તો કોણે ? શુદ્ધ જળ શુદ્ધ વાયુ મળવા કઠીન છે. ખાદ્ય પદાર્થ (પૃથ્વી) એ પણ દૂષિત કરવામાં ફાળો હોય તો તે મનુષ્ય છે. મનુષ્ય શરીર છે એ ભગવાને કેવું બનાવ્યુ ? ભગવાને સંસારની રચના કરી ભગવાને સારા સારા પદાર્થોનો ઉપયોગ કરી નાખ્યો. ભગવાનને છેલ્લે એમ થયું કે આને ભોગવશે કોણ ? આ સુંદર સંસારને કોણ ભોગવશે ? સારા સારા પદાર્થો તો સમાપ્ત થઈ ગયા હવે મનુષ્ય શરીર શેનું બનાવવું. એટલે ખરાબમાં ખરાબ પદાર્થોથી આ શરીર બનાવ્યું એની ઉપર અડધો મિલી ઢાંકી દીધો. મનુષ્ય શરીર મળ્યું હોય તો ભગવાન દૂર થઈ ગયા. મનુષ્ય આ શરીરમાં અભિમાનમાં વધારે વધારે શરીરને સમય આપે છે. ટાપ ટીપમાં સમય ગાળે છે.

**''ખાના પીના સો જાના સબ કરમ હૈ પશુ સમાના''**

તો મનુષ્ય કેટલા કલાક સુવે છે પચાસ વર્ષ સુવે છે. એ તો સો વર્ષનું આયુષ્ય હોય તો ? ભગવાનને

ભજવા માટે કોઈ ટાઈમ બચાવ્યો નહી. સંસારના તરફ અભ્યાસને કારણે શરીરના સુખ સુવિધા માટે રચ્યો પચ્યો રહે છે. બહાર જઈએ તો શેની ચિંતા ? તો ત્યાં ખાવાનું મળશે કે નહી. પ્રાણવાયુ અને પાણી ચિંતા ઓછી થાય. વધારે ને વધારે ખાવાની ચિંતા થઈ. ભગવાને દેવતાઓને દુર્લભ એવો આ મનુષ્ય જન્મ આપ્યો છે. શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ કૃતિ હોય તો આ મનુષ્ય શરીર છે. તો મહાત્માએ કહ્યું નિંદા કરે તો ભલે કરે મને વાંધો નથી. આ શરીરથી માન-અપમાન થાય તો એની ચિંતા કરવાની જરૂર નથી. સંસારમાં ભારે ને ભારે હોય તો આ માથુ છે. મનુષ્યનુ માથુ નમતુ નથી. માનવને માન-અપમાન અને સુખ-દુઃખરૂપી જે દ્વન્દ્વો છે તેમાં પીડાય છે. મનુષ્યનો પ્રયત્ન છે કે હું સુખી થાઉં. સુખી બધાને થાવું છે પણ મનુષ્યે ધર્માચરણ કરવું જોઈએ. ધર્મથી જીવ સુખી થાય છે. વિદ્યા પ્રાપ્ત કરવી તેનાથી વિનયની પાત્રતા થી ધનની પ્રાપ્તિ થાય છે. અને મનુષ્ય ધર્મથી ધર્માનુષ્ઠાન કરે તો સુખની પ્રાપ્તિ થાય છે. ધર્મથી આલોક-પરલોકમાં સુખી થાય છે. અને મોક્ષના ભાગીદાર પણ થઈ શકે છે. આ દ્વન્દ્વો ગુરુના જ્ઞાનથી બધું નાશ થાય છે. જે બે ચરણકમળ છે તે દ્વન્દ્વોને નાશ કરવાવાળા છે. બીજો છે તે ભવસિદ્ધને તારવાવાળા છે. સંસારરૂપી સાગરથી પાર ઉતારવાવાળા છે.

**''અપાર સંસાર સમુદ્ર મધ્યે,**
**નિમજ્જતો મે શરણં કિમસ્તિ,**
**ગુરુ કૃપાલો કૃપયા વદૈતદ્દ,**
**વિશ્વેશ પાદામ્બુજ દીર્ઘ નૌકા.''**

ભગવાન શંકરાચાર્યજી મણિરત્નમાળામાં કહે કે હે શિષ્ય ગુરુજી ના ચરણ થઈને કહે છે. અપાર સંસારના સમુદ્રમાં ગળા ડૂબ ડૂબી રહ્યો છું માટે મારે કોનું શરણું લેવું ? જેનાથી પાર થઈ શકું. હે ગુરુ મને ઉપાય બતાવો. આ વિશ્વના ઈશ જે આત્મનિષ્ઠ છે એ ગુરુના ચરણકમળરૂપી નૌકા છે. ઉત્તમ સાધન તરવા માટે નૌકા છે, એ જીવને સંસારરૂપી સમુદ્રને તરવા માટે યોગ્ય છે. એવા ગુરુને હું પ્રણામ કરું છું. હવે ભગવાન શંકર ગુરુ શબ્દનો અર્થ બતાવતાં ૧૫ માં શ્લોક કહે છે કે,

**''લોકોપકારકઃ પ્રશ્નો ન કેનાપિ કૃતઃ પુરા,**
**દુર્લભ સ્ત્રિષુ લોકેષુ તચ્છૃણુષ્વ યથા તથા ॥**

હે પાર્વતિ આ પ્રશ્ન તો લોકોનો ઉપકાર કરવાવાળો છે. અને આ પ્રશ્ન તારા પહેલા કોઈએ નથી કર્યો. ભગવાન ખુદ કહે છે આ ત્રણ લોકમા આ વિષય બહુ દુર્લભછે. લોક ત્રણ છે, સ્વર્ગ, મત્યુલોક અને પાતાળલોક. આવા પ્રકારનો પ્રશ્ન કોઈને સુજ્યો નથી. કરોડમાં એક જ વ્યક્તિ સમજો કે હંમેશા પરમાત્મા તત્પર હોય. બાકી સંસારમાં રચ્યાં પચ્યાં રહે તે મન તો સંસારમાં જ રહે છે. મહાન મોટું કાર્ય છુટી જાય છે. દરેક અંગોથી સારા કાર્યો કરવા જોઈએ. એક એક ઈન્દ્રિયો છે તે બહુ મુલ્યવાન છે. મનુષ્ય શરીર મળવું બહુ દુર્લભ છે. મનુષ્ય શરીર લઈને સારુ આત્મજ્ઞાન ન લીધુ તે જન્મ મિથ્યા છે. જે મનુષ્ય પરોપકારનું કાર્ય નથી કરતો તેને નિતિકારો નિંદા કહે છે.

એક જંગલમાં મડદુ પડયું હતું. તો એક શિયાળ મનુષ્યનુ શરીર જોઈને ખુશ થયું. આકાશવાણી થઈ કે હે શિયાળ આ શરીર તુચ્છ છે. ત્યારે શિયાળ કહે મને તો બહું ભુખ લાગી છે. એટલે હાથ હાથ ખાઈ જવું બીજુ નહી ખાવ. આકાશવાણી થઈ કે આના હાથ ખાવા જેવા નથી. કારણ તેણે હાથ દ્વારા કોઈ દાન કે સેવા કરી નથી. હાથ પાપથી ખરાડાયેલા છે. શિયાળ કહે સારું હાથ છોડી દઉં. પણ કાન કાન ખાઈ લઉં. આકાશવાણી થઈ કે કાન દ્વારા કયારેય ભગવાનની કથા સાંભળી નથી. ધર્મપુરુષો અને સજ્જનો ની નિંદા જ સાંભળી છે. બધા પુરાણ પૂરા થાય પણ નિંદા પુરાણ પુરું થાય નહિ એના ટાઈમ નક્કી નહી. રાતના બાર વાગી જાય તો ય ખબર પડે નહી. એણે કયારેય ધર્મની ચર્ચા સાંભળી નથી, તો સારું એના નેત્રો ખાઈ જાઉં, આકાશવાણી થઈ કે નહી, નેત્રથી મહાપુરુષોના કે ભગવાનના દર્શન કર્યા નથી. એક ડોસા મરવા પડયાં. જીવનમાં ક્યારેય ભગવાનનું નામ લીધું નથી. એના છોકરા સજ્જન છે. બાપા છેલ્લે ભગવાનનું નામ લે તો સારું, છોકરા કહે બાપા ભગવાનનું નામ લો, તો બાપા કહે અત્યાર સુધી નથી લીધું તો હવે છેલ્લે છેલ્લે શું કામ મોઢું બગાડવું ? એટલે છોકરા કહે આમ નહી લે. છોકરાએ ભગવાનનો ફોટો સામે મુકયો, તો બાપા કહે આવા તો ચીતારા હોય. પછી છોકરા કહે આ શું લખ્યું છે ? બાપા કહે કાળા અક્ષર તો છે એટલે આંખ પણ ખાવા જેવી નથી. હવે શિયાળ કહે પગ ખાઉં. તો પગ દ્વારા કયારેય તીર્થયાત્રા દર્શન કે કયાંય ગયો નથી. મંદિરે જવું હોય તો પગ દુઃખે આજે જવું નથી. અને

ઝઘડો થતો હોય ત્યાં દોડીને જાય

સતસંગમાં બધુ હોય પણ ઊંઘ આવે એટલે સત્સંગ ખારો લાગે. પરાણે લઈ જાવ તો મુરખ કાં તો ઉંઘે અને કાં તો ઉઠીને ચાલ્યો જાય. એટલે પગ તેના ખાવા યોગ્ય નથી. શિયાળ કહે સારું તો પેટ ખાઈ જાવ. તો એણે તો પાપથી કમાયેલું ખાધુ છે. એટલે પેટ ખાવા જેવું નથી. તો હવે એનું માથુ ખાઉં. પણ એના માથામાં હંમેશા અંહકાર ભરેલો છે. એટલે હે શિયાળ આ મનુષ્ય શરીર ખાવા યોગ્ય નથી. તો આ પ્રકારનો પ્રશ્ન લોકોનું કલ્યાણ કરવાવાળો છે. હે પાર્વતિ તારું કલ્યાણ તો થશે જ ?.... અસ્તુ...

## બાળ કેળવણી ભાગ - ૯

રજુ. લવજીભાઈ કે. સવાણી
નવા નાવડા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

### ➢ પુરૂષાર્થની કેળવણી

જગતના કોઈ પણ માણસને પુરૂષાર્થ કરવો જ પડે છે, એ પુરૂષાર્થ શારીરિક હોય અથવા માનસિક. પુરૂષાર્થ અનિવાર્ય છે. કોના ભાગે કેટલા પુરૂષાર્થ આવશે એ કહી શકાય નહી. બાળકને આ વિશે કેળવણી આપવી જ પડે. જો તે મહેનત કરવામાં પાછો પડે તો તેનું નસીબ પણ પાંગળુ રહે છે

### ➢ શાંતિનુ શિક્ષણ

બાળકને શાંતિનું શિક્ષણ આપવું એટલે ઉત્તમ જિંદગીનું શિક્ષણ આપવું, કારણ કે જયારે કોઈ પણ માણસ શાંતિ રાખવાની નેમ કરી લે છે ત્યારે તેને કોઈ પણ સ્થિતિ - પરિસ્થિતિ વિચલિત કરી શકતી નથી. શાંતિનો અર્થ નિષ્ક્રિયતા નથી થતો કે શાંતિનો અર્થ આળસ નથી થતો, અહી હું મનની શાંત્ અવસ્થાની વાત કરી રહ્યો છું. કોઈ પણ સમસ્યા કે મુશ્કેલીમાં ગુસ્સો કર્યા વગર એના સમાધાન શોધવા, એ શાંતિની અવસ્થા છે. આ કેળવણી બાળકને નાનપણથી આપવામાં આવે તો એમાં કેવા ઉમદા પરિણામો આવે છે એ માટે આ વાંચો.

મહાન તત્વચિંતક ગુર્જિએફના જીવનની આ વાત છે. તેમના પિતા મરણ પથારીએ હતા. તેમણે પોતાના પુત્રને પાસે બોલાવી કીધું, બેટા હું ગરીબ રહ્યો, તારે માટે કશી મૂડી પાછળ મુકિ જાઉં એવી મારી સ્થિતી નથી, પણ મારા બાપે મને જે જે આપ્યું તે આજે હું તને આપતો જાઉં છું, જિંદગીભર એને સાચવજે, જ્યારે તને ક્રોધ ચડે ત્યારે ચોવીસ કલાક પહેલા તું તેનો જવાબ આપતો નહી, ચોવીસ કલાક બાદ તુ જે જવાબ આપી શકે તે આપજે. બસ, આટલી મૂડી હું તને વારસામાં આપતો જાઉં છું. આ પછી આ વારસાને જાળવી રાખવા ગુર્જિએફ ઘણું ઝઝુમી રહ્યા, સાથે સાથે અપમાન સહન કર્યા, ગુસ્સો આવ્યો ત્યારે ચોવીસ કલાક પછી જવાબ આપીશ, એવું કહેતા રહ્યા. અંતે તેઓ મહાન વિચારક તરીકે જગતમાં પ્રસ્થાપિત થયા.

### ➢ જરૂરીયાતનું શિક્ષણ

બાળકને તમારી અપેક્ષા પ્રમાણે નહિ. પણ બાળકોને શેની જરૂરીયાત છે તે પ્રમાણે એનું ઘડતર કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. ઘણી વાર બાળકને માબાપ અપેક્ષાઓના બોજ નીચે દબાવી દે છે. બાળકની ક્ષમતા ના હોવા છતાં એને જબરદસ્તીથી એ દિશામાં લઈ જવા કોશિશ કરવામાં આવે છે. આ માટે વાલીઓએ સાવચેત રહેવાની જરૂર છે. બાળકની ક્ષમતા અનુસાર અને એની રુચિ અનુસાર એને કેળવવામાં આવે તે ઘણું જ અગત્યનું છે.

હાલ શિક્ષણમાં આ દુષણ જોવા મળે છે. વિદ્યાર્થીની લાયકાત વગર ઈંગ્લીશ મિડીયમમાં બેસારે છે અને ઘરના બધા હેરાન થાય છે. નો ઈંગ્લીશ આવડે કે નો ગુજરાતી આવડે. ઘરમાં જે માહોલ હોય તે પ્રમાણે ભણાવવું. (ક્રમશઃ)

### સુવાક્ય

**☞ સમુહમાં પ્રસન્નતા સાથે જીવવું જેથી તમારી આજુબાજુ બેસનારા તમારા થકી સુખની અનુભૂતિ કરી શકે. ઉદાસ અને નિરાશ ચહેરાઓ વગર કારણે બધાને પજવી મૂકે છે.**

**☞ ભોજન અને ભજન એક સમયે સમૂહમાં સૌ સભ્યો ભેગા મળીને કરો. તેમ કરવાથી ઘરનું વાતાવરણ પવિત્ર બનશે અને પરસ્પરનો સ્નેહ વધશે.**

## શ્રદ્ધા

રજુ.
પીપળીયા

ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

આત્મસત્તામય થવું. એ જીવનુ પ્રથમ અને સર્વોત્તમ કર્તવ્ય છે. એ કર્તવ્ય પુર્ણ કરવા માટે પરમ શ્રેષ્ઠ વિશુધ્ધ શ્રદ્ધા હોવી જોઈએ. સત્ય પદાર્થ ઉપર શ્રદ્ધા એ જ શુભ ફળદાતા છે. પ્રાપંચિક-સાંસારિક કાર્યોમાં પણ ઘણે અંશે શ્રદ્ધા ઉપર આધાર રાખવો પડે છે. ત્યારે ભક્તિ, જ્ઞાન ઈત્યાદિ પારમાર્થિક કાર્યો ઉપર શ્રદ્ધા રાખવી પડે. એમાં શું આશ્ચર્ય ? સદ્‌ગુરૂજીએ કહ્યુ હોય કે તુ આ અમુક મંત્રનો નિરંતર જપ કર. જેથી પ્રભુનો સાક્ષાત્કાર થશે. તને પ્રભુના પ્રત્યક્ષ દર્શન થશે. એ શ્રદ્ધા આવી છે. મને આ મંત્રથી નિશ્ચયના વચન સમાન જ છે. માટે હવે મારે એ સિવાય બીજો યત્ન કરવો નહિ. એમ પુર્ણ શ્રદ્ધા રાખીને જો સચ્છિષ્ય ગુરૂએ આપેલો મંત્રનો જાપ કરશે તો (તે મંત્રબળ વડે) નિશ્ચય તે અંતર્યામી પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાને ભાગ્યશાળી બનશે. પણ તેથી ઊલટું કર્તવ્ય કરવાથી. એટલે ગુરુએ કહ્યું તે શું સત્ય હશે ? શું મને પરમાત્મા દર્શન આપશે ? અરે ! એ પ્રભુ કોને પ્રત્યક્ષ થયા છે ? કે જેથી મને થાય પ્રભુ કોણ જાણે કયાં હશે. તેને તો સૌ નિરાકાર કહે છે. ત્યારે તે આકારવાળો થઈ કેવી રીતે દર્શન થઈ જતા હોય તો સૌને થાત. પણ જોઈએ તો ખરાં કે એ મંત્રથી કંઈ નવાજુની થાય છે. કે નહી ? આવી રીતની  અશ્રદ્ધા રાખીને ગમે તેટલો મંત્ર જપશે તો તેથી યત્કિંચિત્ પણ કલ્યાણ થવાનુ નથી અશ્રદ્ધા સઘળે બાધાકારક છે.

દ્વાપરયુગાંતે અને કલિયુગના આરંભમાં અર્જુનને આત્મજ્ઞાનોપદેશ કરતી વેળા શ્રી હરિએ **સંશયાત્મા વિનશ્યતિ** એ વચન એટલા માટે જ કહેલુ છે.

તાત્પર્ય એમ કે આમ થશે કે નહિ થાય ? આ વાત ખરી હશે કે ખોટી. એમ વારંવાર સંશયમાં પડી રહેનારા પુરુષ એકે વાતના નિશ્ચય ઉપર આવી શકતો નથી અને તેનાથી કોઈ પણ પ્રકારનું સત્સાધન કરી શકતું નથી. એટલે અંતે તેનો વિનાશ થાય છે. તેથી ગુરુવચન કિંવા બીજા કોઈ ભગવત્કાર્યમાં અશ્રદ્ધા રાખવી નહી આત્મજ્ઞાન સંપાદન કરવાની ઈચ્છાવાળા જીવે સ્થુલ બુધ્ધીનો પરાજય કરવો. તે વગર જ્ઞાન કે શાસ્ત્ર સિધ્ધ કરી શકાતું નથી. મારૂં આ વચન બીજા કાર્યને અવલંબીને નથી. પણ માત્ર સદ્‌ગુરૂવચન ઉપર અને તે સાથે સત્‌શાસ્ત્ર વચન ઉપર શ્રદ્ધા રાખવા માટે જ છે. અશ્રદ્ધાળુ પુરૂષ ગમે તેટલો યત્ન કરે છે ? છતાં તે સફળ થતો નથી માટે સદ્‌ગુરૂના શબ્દ પર પુરી શ્રદ્ધા રાખવી. સદ્‌ગુરૂ સમજાવે છે કે તુ સત્ ચિત્ આનંદ સ્વરૂપ છે. તારો આત્મા જ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તારો દેહ પંચભુત આકાશ, વાયુ, જળ, તેજ અને પૃથ્વી આ પાંચ તત્ત્વથી બનેલું છે. માટે સદ્‌ગુરૂના વચન ઉપર ખુબ શ્રદ્ધા રાખો.

## મન વાણી અને શરીરનું તપ

રજુ. લતા એ. માંગુકીયા
દડવા (રાંદલના)

ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સદ્‌ગુરૂ ભગવાનના ચરણોમાં કોટિ કોટિ વંદન

દિવાળી વેકેશન દરમ્યાન, પૂજ્ય હરિહરાનંદજી એ દડવા મુકામે અમૃતવાણી દ્વારા આપેલ તત્ત્વ બોધ જેમાં ભક્તિ કરવી પણ કેમ કરવી ને ઉત્તમ ભક્તિ કોને કહેવાય તેની ઉપર આપેલ પ્રવચન .

તત્ત્વ જીજ્ઞાસુ સજ્જનો ભગવાનની ભક્તિ ત્રણ પ્રકારથી જો કરવામાં આવે તો તે ઉત્તમ ભક્તિ કહેવાય શરીર, વાણી ને ચિત થી સમજીને ભક્તિ થાય તો ત્રિપુરાસુર નો નાશ થાય, ત્રિપુરાસુર કોઈ અસુર નહિ પણ સ્થુળ સુક્ષ્મ ને કારણશરીર આ જીવ આ ત્રણ શરીરમાં જ રમણ કરે છે.

જે મનુષ્ય શરીરનું ચિંતન કરે છે. તેનું મન સંસારમાં જ રહે છે. જે પોતાના આત્મા સત્, ચિત, આનંદરૂપ નું ચિંતન કરે છે તેનું મન પરમાત્મામા રહે છે. શરીરથી સારા કર્મ કરવા વાણીથી સારૂં વર્તન સત્ય ને પ્રિયવાણી વાપરવી ને ચિતથી પરમાત્માનું જ હંમેશા ચિંતન કરતા રહેવું. મન વાણીને શરીરનું તપ ભગવાને ગીતાના ૧૭ માં અધ્યાયના ૧૪ માં શ્લોકમાં બતાવ્યું છે.

દેવો બ્રાહ્મણ ગુરૂજનો અને જ્ઞાનીજનો ને માતા-

પિતાનું યોગ્ય પૂજન. પૂજન નો અર્થ એ નહિ કે પૂષ્પ ચંદન હાર ચડાવવ. યે પૂજન કર્યા બાદ અન્નજળ ને ધનથી સંતુષ્ટ કરવા તેને ખરા અર્થમાં પૂજન કહેવાય છે.

મનની પવિત્રતા - મનમાં છળકપટ અદેખાય ઈર્ષા ન હોવા જોઈએ. બાહ્ય પવિત્રતા ભોજનની પવિત્રતા અન્નજળની પવિત્રતા રાખવી. શરીરને સ્વચ્છ રાખવું. (૩) સરળતા મનુષ્યે વહેવારમાં સરળ બનવું, જેનો વહેવાર સુધરી જાય તેનો પરમાર્થ સુધરતા વાર નથી લાગતી. (૪) બ્રહ્મચર્યનું પાલન સમયસર કરવું વિહિતકાળે ભાર્યાનું ગમન કરવું. (૫)
અહિંસા એટલે કોઈ જીવ ન હણવો પણ સાથે સાથે વાણીથી પણ કોઈની હિંસા ન કરવી આ શરીરનું તપ બતાવ્યું હવે વાણીનું તપ કર્યું. ગીતાના ૧૭ માં અધ્યાયના ૧૫ માં શ્લોકમાં બતાવે છે

વાણીનું તપ સત્ય અને હિત કરનારી વાણી વાપરવી કોઈના મનમાં ઉદ્વેગ ઉપજાવનારું વચન ન બોલવું પ્રિયને હિતકારી વચન બોલવું યથાર્થ સાચું બોલવું સ્વાધ્યાય કરવો. સ્વ એટલે પોતાના આત્માનું અધ્યયન કરવું ગીતા બ્રહ્મસુત્ર નું વાચન પરમેશ્વરના નામ જાપ નો અભ્યાસ એ વાણીનું તપ કહ્યું છે. હવે મનનું તપ બતાવતા ભગવાન કહે છે અધ્યાય ૧૭ શ્લોક ૧૬

મનની પ્રસન્નતા શાન્તીભાવ ભાવની શુધ્ધી સતત ભગવત ચિંતન કરવાનો સ્વભાવ મનનો નિગ્રહ મનને પરમાત્મા તરફ વાળવું અને અન્તઃકરણના ભાવોની પવિત્રતા એ મનનું તપ કહ્યું છે. વાક કાયા ને ચિત મનથી જે ગુરૂસેવા ભક્તિ કરે છે. તેના સંસારની નિવૃત્તિ થાય છે ને મનુષ્ય જન્મ સાર્થક થાય છે ને પરમાત્માના પદને પામે છે.

સર્વને જય સચ્ચિદાનંદ

## રત્નકણિકાઓ

**દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા**
**સુરત**

૧) પ્રેમ દબાણ ન કરે, એ તો સદા સમર્પણ કરે.
૨) બીજાઓએ કરેલાં સત્કાર્યો તરફ બાળકોનું ધ્યાન ખેંચવાથી તેમના સંસ્કાર દ્રઢ બને છે.
૩) સીડીની ટોચ પર પહોંચેલો માણસ સીડીના પહેલા પગથિયાનો ઋણી હોવો જોઈએ.
૪) ફેશન અને વ્યસન, ઘૂંટાવે નરકના લેશન.
૫) બીજાનો વિચાર કરીને જો બધા જીવે તો ઘરમાં સ્વર્ગ સર્જાય.
૬) બધે Fit થશો તો કયાંય Fight નહી થાય.
૭) માન હો કે અપમાન, સમાન માને તે મહાન.
૮) જેની ભાષામાં સભ્યતા હોય, એના જીવનમાં ભવ્યતા આવે.
૯) ધર્મમાં ખર્ચાતું ધન ખર્ચ્યું કે વાપર્યું ન કહેવાય,પણ વાવ્યું કહેવાય.
૧૦) જીવનનો Fuse ઉડે તે પહેલાં સાચો Use કરી લેજો.
૧૧) અન્નનો અપચો એનું નામ ઝાડા, શબ્દનો અપચો એનું નામ ઝઘડા.
૧૨) જે અન્યને બને ઉપયોગી, એ જ કહેવાય ખરો યોગી.
૧૩) પ્રલોભનોને ટાળે, પ્રતિકુળતાઓને સ્વીકારે એ જ પ્રસન્નતાને ટકાવે છે.
૧૪) તન શુદ્ધ કરો સ્નાનથી, મન શુદ્ધ કરો, જ્ઞાનથી, ધન શુદ્ધ કરો દાનથી, આત્મા શુદ્ધ કરો ધ્યાનથી
૧૫) માં-બાપ જીવતાં હોય ત્યારે એમને અપમાનિત કરી ચૂપ કરે ને એમના મર્યા પછી તેઓના ફોટાને ધૂપ કરે એ સંતાનો કેવા કપૂત કહેવાય !
૧૬) નીતિની લગામ વગરનો પૈસો ગાંડો આખલો છે.
૧૭) છોડવા જેવો કુસંગ, કરવા જેવો સત્સંગ અંતે થવુ નિ:સંગ.
૧૮) ક્રોધ ખરાબ છે કારણ કે પહેલા પરેશાની, પછી પરસેવો અને અંતે પસ્તાવો.

**સુવાક્ય**
**જમતા પહેલા ઈષ્ટદેવનું સ્મરણ અવશ્ય કરો.**
**જમતી વખતે કયારેય ઉતાવળ ન કરો બેસીને શાંતિથી જમો.**
**ખુબ ચાવી-ચાવીને જમો**

# પશુપાલન શિબિર અહેવાલ

રજુ. પોપટભાઈ કૂકડીયા
ચમારડી









તા. ૧/૨/૨૦૧૭ ને રવિવારના રોજ ગુજરાત સરકાર પશુપાલન વિભાગના ઉપક્રમે વડોદરા (જીલ્લો) ચાણોદ શ્રીમાધવાનંદ આશ્રમમાં વડોદરા વિભાગની પશુપાલન શિબિર અને પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી શિબિર ખુલ્લી મુકાઈ હતી. જેમા સ્વામીશ્રી ભુમાનંદ સાગરજી મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ચાણોદ કન્યા વિદ્યાલયની બાળાઓના સ્વાગત ગીતથી કરાઈ હતી. શિબિરમાં વડોદરા જીલ્લાના મોટા ભાગના સરકારી પશુપાલન અધિકારીઓ અને વેટરનરી ડોક્ટરોએ હાજરી આપી. ૫૦૦ જેટલા પશુપાલક લાભાર્થીઓને પશુપાલન અંગે અને પશુઓને લગતી બિમારીઓ અને તેની સારવાર અંગે માહિતગાર કર્યા હતા. તેમજ હાજર તમામ પશુપાલકોને પશુપાલન અંગેની વૈજ્ઞાનિક માહિતી આપતી પુસ્તિકાનું મફત વિતરણ કરાયું હતું. આશ્રમની ગૌશાળામાં છેલ્લા ૧૫ વર્ષથી ડૉ. શ્રી સંજીવભાઈ ગૌસ્વામી નિસ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે. છેલ્લે ડૉ. શ્રી નિરવભાઈ પટેલે આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કરાયું હતું.

સમગ્ર કાર્યક્રમમાં આશ્રમના સ્વયમ સેવક પોપટભાઈ કૂકડીયા અને વલ્લભભાઈ વાલાણી, તેમજ વલ્લભભાઈ લાખાવાળાની સેવા પ્રાપ્ત થઈ હતી.

**સુવાક્ય**

**વધુ પડતું અને કટાણે ટીવી જોવાની ટેવ સંસ્કારો અને શિસ્ત પર આતંકવાદીના હુમલા બરાબર છે. ટીવી જોવાનો એક ચોક્કસ સમય નિશ્ચિત કરો અને કયાં કાર્યક્રમ જોવા એનું યોગ્ય નિર્ધારણ કરો જમતી વખતે કે અભ્યાસ કરતી વખતે ટીવી જોવું એ ટેવ નુકસાનકારક છે.**

# માતા મદાલસાનું હાલરડુ

પ.પૂ. સ્વામીશ્રી દેવાનંદસાગરજી મહારાજ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

(રાસ-પુનમ ચાંદની ખીલી પુરીરે)
કુંવર પારણીએ ઝુલાવે માતા મદાલસા રે,
ગાવે હાલરડામાં અભેદ આતમ જ્ઞાન-કુંવર

સાખી

શુદ્ધ સ્વરૂપે બાળ તું, બોધ સ્વરૂપ સદાય
નિરંજન તુજ રૂપ છે, નહી માયા તુજ માંય
જાગો મોહ નિશાથી સ્વપ્ના સમ સંસાર છે રે,
એવું જ્ઞાન બતાવે હાલરડાની માય-કુંવર

સાખી

શુદ્ધ સ્વરૂપે બાળ તું, નહી તારૂ કંઈ નામ
પંચ ભૂતનું પૂતળું, નામ તણું એ ઠામ
ધરીયું નામ તમારૂ મિથ્યા તેને જાણજોરે,
નાહી દેહ તમારે, દેહ નહી તું બાળ-કુંવર

સાખી

વીશ્વ તણો આધાર તું, શાને રૂએ બાળ
રાજ કુંવરના રૂપથી, ભાસે તે ઝંઝાળ
નાના ગુણ થકી જે દુઃખ સકળ દર્શાય છે રે,
પામે દુઃખ પીડાથી મનને સઘળો ત્રાસ-કુંવર

સાખી

વધે ઘટે જે પ્રાણીઓ, અન્ન જળ ને આહાર,
નહી વધતા ઘટતા તમે, નહી હાની તુમાર,
બન્યો પાપ પૂણ્યથી હાડ રૂધિરનો દેહ છે રે,
થાએ ભૂમિમાંથી ભૂમિમાં જાનાર-કુંવર

સાખી

આતમ બુદ્ધિ દેહની, નવ કરશો સુજાણ,
માતા પિતા સુત નારમાં, મમતાનું અભિમાન.
ત્યાગી દેહ નજરને, આતમ દ્રષ્ટી ધારજો રે,
જેથી જન્મ ધર્યાનું. સીધે સઘળા કાજ-કુંવર

સાખી

દુઃખ માને સાધુ જનો, પંચ વિષયની માંય,
સુખ માને અજ્ઞાનીઓ, મૃગ સમ તો અથડાય,
તેથી મોક્ષ પરમ પદ જાવા મોટી આડ છે રે,
પામે ઘોર નર્કને જ્યાં દુઃખ અપરંપાર-કુંવર

સાખી

દાંત બન્યા છે હાડથી, ચરબી આંખ નીદાન,
માંસ ભર્યું સ્તનની માહે, ભોગ નરકનું સ્થાન,
માટે પંચ વિષયને, વિષ બરાબર જાણજો રે,
પિઓ અમૃત સરખા, સમદમને ઉપરામ-કુંવર

સાખી

વાહન રૂપ દેહ છે, આતમ અળગો જાણ
વાહન જે પોતે બને, જાણો તે હેવાન,
એવું જ્ઞાન બતાવી બાળક ચાર ઉગારીયા રે,
ગાવે પ્રેમ કરીને તેનો બેડો પાર-કુંવર

સાખી

ધન્ય ધન્ય માતુ મદાલસા, કીધુ જન કલ્યાણ
જગ બંધન છોડાવવાં, આપ્યું આતમ જ્ઞાન
ગાવે સન્યાસીનો ચેલો લાખો લહેરથી રે,
જાવું જ્યેન્દ્પુરીના ચરણમાં બલીહાર-કુંવર

---

ગામ વલ્લભીપુર જીલ્લો. ભાવનગર
સ્વ. રમણીકભાઈ કાનજીભાઈ ગોહીલ
(ઉંમર વર્ષ ૮૪) સંવત ૨૦૭૩ મહા સુદ ૭ તા. ૩/૨/૨૦૧૭ ને શુક્રવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.
શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

---

ગામ ઉખરલા તા. શિહોર
સ્વ. વલ્લભભાઈ કુરજીભાઈ ભીકડીયા
(ઉંમર વર્ષ ૫૦) સંવત ૨૦૭૩ પોષ વદ ૧૩ તા. ૨૭/૦૧/૨૦૧૭ ને શુક્રવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.
શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**બુરા જો દેખન મે ચલા, બુરા ન મિલીયા કોઈ,**
**જો દિલ ખોજા અપના, મુજસે બુરા ન કોઈ ! !**

માનવ જીવનમાં બે પ્રકારના ગુણો જોવા મળે છે. સકારાત્મક ગુણો અને બીજુ નકારાત્મક ગુણો. સકારાત્મક ગુણો જેવા કે દયા, માયા, પ્રેમ, કરૂણા, ન્યાય પ્રિયતા, પ્રામાણિકતા, નિઃસ્વાર્થવૃત્તિની ભાવના, એકતા-ભાઈચારાની ભાવના, સત્ય, અહિંસા, સાદગી-આવા ગુણો માનવજીવનને સદાય બાગમાં ખીલેલા પુષ્પની જેમ મઘમઘતું રાખે છે. તેને હજારો, લાખો, કરોડોમાં એક નવી આગવી ઓળખ આપે છે. ચોમેર માન-સન્માન અને સફળતા આપે છે.

સિક્કાની બીજી બાજુની જેમ માનવીમાં કેટલાક દુર્ગુણો પણ જોવા મળે છે. જેમકે, લોભ, લાલચ, અભિમાન, ઈ;ર્યા, ક્રોધ, પરપીડનવૃત્તિમાં રાચવું, હિંસા, અન્યાય, બીજાની વસ્તુ પર પોતાની બળજબરીથી હક પ્રાપ્ત કરવો, અન્યોને નીચા પાડવા, નીંદા-કુથલી કરવી, ખોટું બોલવુ, ઝઘડા કરવા, ખોટા દેખાડા કરવા, વેર-ઝેર રાખવું, માત્ર ને માત્ર પોતાનો જ કક્કો બધે સાચો ઠેરવવો, બીજા ઉપર સતત દોષારોપણ કરતા રહેવુ, સતત બીજાને નીચા દેખાડવા - વગેરે જેવા માનવીમાં રહેલા દાનવીય ગુણો સતત તેને બેચેની-હતાશા અને નિરાશામાં જ ધકેલતા હોય છે. આંતરમનથી તે કદાપિ ચિરશાંતિને પામી શકતો નથી. સતત અન્યાયોની નફરતનો ભોગ બને છે. ચોમેરથી તેને ધિક્કાર અને ફિટકાર મળે છે.

માનવજીવનમાં ગુણોનુ મહત્ત્વ જેટલુ આંકીએ એટલુ ઓછું છે. પરંતુ આદિથી અનાદિ સુધી આપણે સૌ એજાણીએ છીએ કે સારું કરવામાં સો વિઘ્ન આવે છે, દરેક જગ્યાએ ચડતા નાકે દમ આવે છે. જ્યારે ઉતરવું એટલુ જ સહેલુ છે. માણસની વૃત્તિ હંમેશાથી સહેલા કાર્યો કરવામાં વધુ કાર્યરત દેખાતી આવી છે. અર્થાત્ દરેક જગ્યાએ દિન-પ્રતિદિન તેને ચઢાવ કરતા ઉતાર જ વધુ પસંદ પડતો હોય તેમ દરેક જગ્યાએ પછી તે વાણી હોય, વર્તન હોય , લાગણી હોય કે કર્મ હોય, જાણે કળિયુગ તેને ચોમેરથી ભરડામાં લીધો ન હોય, તેમ સતત ને સતત નીચો પડતો નજરે પડે છે. ખરેખર, પ્રાચીન સમય હોય કે અર્વાચીન સમય તેની ઈર્ષ્યાવૃત્તિમાં સતત વધારો થતો આવ્યો છે, વેરવૃત્તિ દિવસે દસ ગણી ને રાત્રે ચાર ગણી વધતી જ જોવા મળે છે. નિંદા-કુથલીમાં સતત તે પોતાને ચોવીસે કલાક વ્યસ્ત રાખે છે. આ કારણે ન કેવળ તે પોતાની માનસિક બદીને નોતરે છે બલ્કે સમાજનાં ભિન્ન ભિન્ન સંબંધોમાં બદી ફેલાવે છે. તેની આવી નકારાત્મક ભાવના, લાગણી, વિચારસરણી દિવસે-દિવસે તેને તમામ સારાપણાથી અહિતકારી પ્રવૃત્તિઓ તરફ ધકેલે છે. પહેલા તે પોતાના વિચારોનુ નિકંદાન કાઢે છે, પણ સંબંધો, સમાજ, રાજ્ય અને છેવટે દેશ જ નહિ બલ્કે વિદેશોમાં પણ પોતાના નકારાત્મક, વિચારોના બારુદ ગોળા વડે વિશ્વમાં આતંકવાદના ઓસાયા પ્રસરાવે છે અને ભયનુ વાતાવરણ ફેલાવે છે. એટલુ જ નહી-તેની માનસિક વિકૃતિઓ વડે સમગ્ર વિશ્વમાં માત્ર ને માત્ર આક્રોશ-નાશ-સર્વનાશ ને જ પોષે છે.

બીજી તરફ જે વ્યક્તિ તેના સારા ગુણોના સથવારે આગળ આવે છે તે સમાજને શાંતિ-સલામતી અને સુંદરતા -સત્યમ્-શિવમ્- સુંદરમ્ ને પોષે છે. સમાજ, રાજ્ય, દેશ અને વિશ્વમાં શાંતિ અમનને વહાવે છે. ખરેખર વિશ્વ, સમાજ, રાજ્ય, દેશ અને સ્વનો વિકાસ માત્રને માત્ર માનવીની વિચારસરણને જ આભારી છે. વ્યક્તિ જેવું વિચારે છે. તેવો જ તે બને છે. અને તેવી જ તે દુનિયા બનાવવાની કોશિશ કરે છે. બીજા શબ્દમાં કહેવુ હોય તો, "જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટી" વ્યક્તિની અંદર રહેલા ગુણો-દુર્ગુણો જ તેને માન-અપમાનના સહભાગી બનાવે છે. વ્યક્તિના ગુણો જ તેને રાષ્ટ્રપિતા પણ બનાવે છે. અને તેના દુર્ગુણો જ તેને ઓસામા બિન લાદેન પણ બનાવે છે. અર્થાત તેની સારી ટેવ, આદત, ગુણો વડે જ તે મર્યા પછી પણ અમર બની જાય છે. જ્યારે તેના દુર્ગુણો વડે જ તે જીવતા પણ મૂઆ બરાબરનુ જગતમાં સ્થાન પામે છે. જો ગુણો વડે વ્યક્તિના નસીબનુ આટલુ ઊંડુ ઘડતર થતુ હોય તો શા માટે આપણે જીવનમાં સદ્‌ગુણોને સ્થાન ન આપીએ ? આવો, જીવનમાં શ્રેષ્ઠત્તમ વિચારો વચ્ચે શ્રેષ્ઠત્તમ ગુણોને કેળવીએ અને જીવનને ધન્ય બનાવીએ.

"કોઈપણ ઘટના બહારની દુનિયામાં બનતા પહેલાં માણસના મનની અંદર બને છે."

ગુણોના ગુલદસ્તા વડે દુર્ગુણોના દરિયાને દાટી દઈએ અને આપણા સદ્‌ગુણોની સુવાસ વડે માનીવીમાં રહેલી માનવતાને મહેકાવીએ. જેથી સમગ્ર સૃષ્ટિમાં ચોમેર શાંતિ -શાંતિ અને નિરવ શાંતિ અમનનુ સામ્રાજ્ય સ્થાપિત થાય.

# ત્રણ 'ક'નો મોહ મુકો !

લેખક : શિવ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સાધકોના સંઘનો જે સભ્ય થવા ઈચ્છે તેણે સૌથી પ્રથમ ધનમાં રહેલી મમતામાં આંગ ચાંપવી જોઈએ; કારાણ કે, ધનમાં માદકતાની માત્રા વધારે છે, અને એના ઘેનમાં માનવી ભાન ભુલીને નવાજુની કરી બેસે છે. પૈસાપાત્ર માણસ બહારથી ભલે વિનયનુ નાટક ભજવે, પરંતુ તેના હૈયામા નૈસર્ગિક વિનયનો અભાવ હોય છે. અલબત્ત, જેના ઉપર પ્રભુની કૃપા હોય છે તેઓ આમાથી બાકાત રહી શકે છે. ધનની સાથે તેના દોસ્તારો પણ આવે છે; અને સાધકની સાધન-સમ્પત્તિનો સર્વનાશ ઈચ્છે છે. ધન મળવાથી લાભ વધે છે અને ન મળવાથી શોક થાય છે. દ્રવ્યપ્રાપ્તિની લાલસા તો પ્રભુભજનમાં મોટામા મોટી આડીખીલી છે.

જે કાંઈ મળે તેમાં સંતોષ માનો. જે મળતુ હોય તેના કરતાં વધારેની આવશ્યકતા અનીવાર્ય હોય તો, ન્યાય અને સત્યનુ  પાલન કરીને, તે માટે પ્રયત્ન કરો. ધનવાન મનુષ્યની એ ફરજ છે કે તેણે ધનને 'પ્રભુની વસ્તુ માનવી જોઈએ. પ્રમાદ અને પરપીડન (પારકાને દુઃખ દેવામાં) તેનો ઉપયોગ થાય તો  તે દૂરુપયોગ છે. ધનને હદથી વધારે મહત્વ ન આપો. 'હુ ધનવાન છુ' એવુ અભિમાન મનમાં ન રાખશો. વધારે ધન મેળવવાની ચિંતાથી પણ દૂર રહેજો. ધનનુ ચિંતન કરનાર માણસ પારમાર્થિક પ્રગતિ નથી કરી શકતો.


સ્ત્રી-સંગનો ત્યાગ એ સાધક જીવનનો બીજો મહત્વનો મુદ્દો છે. બહારથી બડાઈ મારવાની જરૂર નથી. સ્ત્રી સમાજમાં જે લોકો છુટથી હળેભળે છે, સ્ત્રીવર્ગને જે ઉપદેશ આપે છે, સ્ત્રીસભાને ભાષણોથી સંબોધે છે તે લોકો પોતાના હૃદયમાં રહેલી સાચી પરિસ્થિતિને ઉંડાણથી જોશે તો જણાશે કે, ઉપરથી ભલે કોઈ દોષ નજરે ન પડે, પરંતુ અંદરતો એક પ્રકારની કાલીમાં જરૂર છવાઈ ગઈ હશે. હા, એટલુ ખરું કે બહારના શુદ્ધ વિચારોને લીધે અંદરના વિકારો કોઈને દેખાતા નથી. હૈયાનો ખુણેખુણો બારીકાઈથી જોશો તો એ હકીકત છાની નહી રહે કે, સ્ત્રીઓના હાવભાવ પ્રત્યે તમારા હૃદયમાં એક પ્રકારનુ સ્વાભાવિક આકર્ષક રહેલુ છે; અને યુકિતવાદનો આશ્રય લઈને યા સદ્-ઉદ્દેશ્યનો સહારો લઈને તમે એ મુદ્દા ઉપર ઢાંકપિછોડો કરી રહ્યા છો. આ જ આકર્ષણ જયારે રોજનુ બની જાય છે ત્યારે અભ્યાસના પ્રભાવથી સદ્-ઉદ્દેશનો પ્રકાશ અદ્રશ્ય થઈ જાય છે ને ચિત્તરૂપી પડદા ઉપર દુષ્ટ વાસનાઓ નગ્નરૂપે નાચવા લાગે છે. પછી એક નિશ્ચય કરવામાં અસમર્થ બનેલી બુદ્ધી, નિર્બળતા તરફ ઢળેલી હોવાથી, મનને કબજે રાખી શકતા નથી. બુદ્ધિના રળક્ષણથી વંચિત અને ખરાબ વિચારોથી ઘેરાયેલુ મન, ઈન્દ્રિયોના કાબુ નીચે આવી જાય છે. આ રીતે માણસનુ બાહ્ય પતન પણ થાય છે. આ જ નિયમ સ્ત્રીઓને લાગુ પડે છે. પરપુરૂષોથી તેમણે હંમેશા દૂર રહેવુ જોઈએ. ઉંમરલાયક સ્ત્રી ને પુરૂષનુ પ્રમાણ કરતા વધારે મળવુ કોઈ રીતે લાભદાયક નથી. શાસ્ત્રો અને અનુભવીઓ આની સાક્ષી પુરે છે. તેમાંય જે લોકો આત્મકલ્યાણના સાધનમા જોડાયેલા છે તેમણે વધારે ખબરદાર રહેવાની જરૂર છે.

માયાનો મોહ મુકી દેવા માટે સાધકને કમ્મર કસીને તૈયાર રહેવુ એ ત્રીજો મુદ્દો છે. જ્યાં માન-મોટાઈ મળવાનો સંભવ હોય અને જે કાર્યના ફળરૂપે માનસન્માન મળતું હોય તે કામથી અલગ રહો અથવા માન-મોટાઈ ન મળે એવી રીતે તેમાં ભાગ લો. કદાચ મળે જ તો, તેને મનથી ન સ્વીકારો. માન મળ્યા પછી મનમાં આનંદ થાય તો સમજવુ કે તમે માનનો સ્વીકાર કર્યો છે અને મનની વૃત્તિ તટસ્થ રહે તો સમજવુ કે અસ્વીકાર કર્યો છે. હાલના જમાનામાં કેટલાક લોકો અંદરથી માન સ્વીકારે છે, પરંતુ બહારથી અસ્વીકારનો દેખાવ (દંભ) કરે છે. આ પદ્ધતિ ખુબ જ ખરાબ છે. માન-બડાઈ એ સાધકના સાધન જીવનનો સર્વનાશ નોતરનારુ 'મીઠું ઝેર' છે.

**સુવાક્ય**

**જમતી વખતે શકય બને તો મૌન જ પાળો**
**જમતી વખતે પ્રસન્ન ચિત્ત રાખો.**
**વધુ પડતી બજારની વસ્તુઓ ખાવાની ટેવ સારી નથી.**

## સત્સંગ સમાચાર



➺ તા. ૧/૩/૨૦૧૭ થી ભરૂચ શક્તિનાથ મંદિર
સ્વાઘ્યાય વિષય તૈતરીયોપનિષદ - બ્રહ્માનંદ વલી
સમય સવારે ૮.૩૦ થી ૯.૩૦ કલાક
પ્રવચન વિષય - વેદાંતની દ્રષ્ટિએ હનુમાનજી.
સમય - સાંજે ૬ થી ૭ કલાક.
પૂર્ણાહૂતિ - તા. ૨૫/૩/૨૦૧૭ સમય ૫.૩૦ કલાકે
સ્થળ - શક્તિનાથ સત્સંગ હોલ, ભરૂચ
તા. ૨૬/૩/૨૦૧૭ નૈમિષારણ્ય (યુ.પી.)
પ્રવિત્ર નૈમિષારણ્ય તીર્થમાં શ્રી દેવીભાગવત જ્ઞાનયજ્ઞ
પોથી યાત્રા તા. ૨૮/૩/૨૦૧૭ સવારે ૯ થી ૧૦
કથા પ્રારંભ તા. ૨૮/૩/૨૦૧૭ સમય સવારે ૧૦ થી ૧૧.૩૦
પૂર્ણાહૂતિ - તા. ૫/૪/૨૦૧૭
સ્થળ - બલરામ ઘર્મશાળા નૈમિષારણ્ય યુ.પી.
તા. ૬/૪/૨૦૧૭ આંતરરાષ્ટ્રીય શ્રી માઘવાનંદ આશ્રમ, સુઘડ.



➺ તા. ૮-૩-૨૦૧૭ થી તા ૧૫/૩/૨૦૧૭ સમય - સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ અને સાંજે ૫.૦૦ થી ૬.૦૦ વિષય - સનાતન ઘર્મ
સ્થળ - અરૂણોદય સંસ્કૃતિ પ્રતિષ્કોન, તિલક નગર, શ્રી રામપુર, ડી - અહમદનગર (મહારાષ્ટ્ર) -૪૧૩૭૨૦૨


➺ તા. ૧૬-૩-૨૦૧૭ થી ૧૮-૩-૨૦૧૭ સુધી મુંબઈ

➺ તા. ૧૯-૩-૨૦૧૭ થી ૨૬-૩-૨૦૧૭ સુધી અમદાવાદ


➺ તા. ૨૭-૩-૨૦૧૭ થી ૩-૫-૨૦૧૭ સુધી હરિદ્વાર

આ જગતમાં સર્વને ઉત્પન કરનાર એક જ છે. અને તે છે, (જગકિરતાર) કુદરત. એને આપણે સૌ ભગવાન કહીએ છીએ. તો પછી માનવી મારૂ - મારૂ કરીને વ્યર્થ અભિમાન શા માટે કરે છે ? શું તે સમજે છે, કે મારૂં છે ? પણ ના. દરેક જીવ માયાને વશ આ પ્રમાણે સમજતો હોય છે. પરંતુ જયારે જગમાં તેનું કોઈ થતું નથી. ત્યારે જ તેને સત્ય સમજાય છે પણ આખરે પસ્તાવો કર્યાથી શું વળે “જબ ચીડીયા ચુગ ગઈ ખેત કારણ કે આ જીવનનો દાતા તમને દુનિયામાં જન્મ આપે છે, શા માટે ? શું તમને મોજશોખ અને મનમાની કરી આખરે દુઃખી થવા ? ના એ માટે નહી પરંતુ કુદરત કહે છે, કે હું આ જગતનું નિર્માણ કરી સેવા કરૂં છું તેવી રીતે તમને જન્મ આપ્યા પછી તમારે સેવા કરવાની છે. પણ જો અભિમાની બની સ્વાર્થી બની જો બીજાને હેરાન કરશો તો કુદરતના નિયમ મુજબ ગુનેગાર બની રીબાશો.

## સત્સંગ સમાચાર



- તા. ૧/૩/૨૦૧૭ ચાણોદ
- તા. ૮/૩/૨૦૧૭ થી ૨૦/૩/૨૦૧૭ સુધી સૌરાષ્ટ્રમાં ધર્મપ્રચાર માટે જુદાં જુદાં ગામે પધારી સત્સંગનો લાભ આપશે.
- પ. પૂ. સ્વામીજી મહારાજશ્રી ના દર્શને જતાં પહેલાં ફોન કરીને જવું. મો. ૯૮૭૯૭ ૨૫૭૫૭



- કથા પ્રારંભ : ફાગણ સુદ ૧૧ ને બુધવાર તા. ૮/૩/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : ફાગણ સુદ પુનમને રવિવાર તા. ૧૨/૩/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : ફાગણ વદ બીજને મંગળવાર તા. ૧૪/૩/૨૦૧૭
- આયોજક : શ્રી રાકેશભાઈ મંગુભાઈ પટેલ, શ્રી જીતુભાઈ (અલીણા), ફોન. ૦૨૬૯૨ - ૨૬૦૨૭૪, મો. ૯૮૭૯૭૪૭૯૮૩, મો. ૯૭૨૪૩૮૫૪૩૫
- કથા સ્થળ : મુ. આણંદ, ૭, વૈભવ સોસાયટી, કલેક્ટર બંગલાની પાસે, એનડીડીબી ઉપર, ઈરમા રોડ, આણંદ

---

- કથા પ્રારંભ : ફાગણ વદ ૪ ને ગુરૂવાર તા. ૧૬/૩/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : ફાગણ વદ ૭ ને સોમવાર તા. ૨૦/૩/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : ફાગણ વદ ૯ ને બુધવાર તા. ૨૨/૩/૨૦૧૭
- આયોજક : શ્રી ઘનશ્યામભાઈ મગનભાઈ પટેલ, વિક્રમભાઈ પુંજાભાઈ પટેલ, હરેશભાઈ મનુભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ મહેન્દ્રભાઈ પટેલ, ઉર્વેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ, રોશનભાઈ વિક્રમભાઈ પટેલ ફોન. ૦૨૬૯૨ -૨૮૩૪૨૩, મો. ૯૫૮૬૬ ૯૬૫૯૬, ૯૯૭૮૩ ૪૦૮૨૮
- કથા સ્થળ : મુ. નાપાડ તા.જી. આણંદ

---

- કથા પ્રારંભ : ચૈત્ર સુદ ૨ ને બુધવાર તા. ૨૯/૩/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : ચૈત્ર સુદ ૬ ને રવિવાર તા. ૨/૪/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : ચૈત્ર સુદ ૮ ને મંગળવાર તા. ૪/૪/૨૦૧૭
- આયોજક : શ્રી રણછોડભાઈ પોપટભાઈ વાઘેલા
  મો. ૮૩૪૭૬ ૬૪૬૫૬
- કથા સ્થળ : મુ. બોડી પીપરડી, તા.જી. બોટાદ











REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5 OF EVERY MONTH

Printed Book



**BOOK POST**

પૃષ્ઠ ૨૪

If Not Delivered Please Return To :-

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
''વેદ રહસ્ય કાર્યાલય''
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-